RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 105* Date: 11.02.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારતીય નૌકાદળની શાન રહેલું યુદ્ધ જહાજ ૨૦૧૭માં નિવૃત્ત થયું હતું

# INS જહાજ વિરાટને તોડવા પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી

**હાલ આ જહાજ ભાવનગરના અલંગમાં ભંગાણ માટે આવ્યું છે, જહાજને મ્યૂઝિયમમાં રૂપાંતરિત કરવા અરજી કરાઇ, સુપ્રિમે ખરીદનારને પણ નોટિસ ફટકારી**

*ન્યુ દિલ્હી,તા.૧૦*

INS વિરાટને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. અલંગ શિપયાર્ડમાં રહેલ INS વિરાટને તોડવા પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન વિરાટને તોડવા પર સ્ટે આપી દીધો છે. આ મામલે સુપ્રીમ કોર્ટે ખરીદનારને નોટિસ ઈશ્યુ કરી છે. હાલ અલંગ શિપયાર્ડ બ્રેકિંગમાં વિરાટને તોડવાની કામગીરી ચાલી રહી છે. અરજદારે કહ્યું છે કે એને તોડવા કરતાં મ્યુઝિયમમાં રૂપાંતરિત કરવામાં આવે.

આઈએનએસ વિરાટ વર્ષ ૧૯૫૯માં બનાવવામાં આવ્યું હતું અને આ યુદ્ધ જહાજ વર્ષ ૧૯૮૭માં ભારતીય નેવીમાં સામેલ કરવામાં આવ્યું હતું. ઐતિહાસિક યુદ્ધ જહાજે ભારતીય નેવીમાં ત્રીસ વર્ષ સુધી સેવા બજાવી હતી.૧૮૦૦૦ ટન એલબીટી ધરાવતા આઈએનએસ વિરાટ જહાજની પહોળાઈ ૪૯ મીટર, લંબાઈ ૨૨૫ મીટર છે. અને તે વિશિષ્ટ રીતે બનાવવામાં આવેલું છે.

INS વિરાટ ભાવનગરના શ્રીરામ ગૃપે ખરીદ્યું હતું. તેને અલંગમાં સ્ક્રેપ માટે તોડવાનું હતું પરંતુ તેને સંગ્રહાલય તરીકે વિકસાવવાની માંગને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો હતો જે હવે





સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. હાલ તો સુપ્રીમ કોર્ટે INS વિરાટને તોડવા પર રોક લગાવી છે.

ભારતનું ઐતિહાસિક યુદ્ધ જહાજ જેણે ૫૬ વર્ષ સૌથી લાંબો સમય યુદ્ધ જહાજ તરીકે સેવા આપીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું હતું. તે INS વિરાટ ભાવનગરના અલંગ એક્કર પોઈન્ટ પર ભંગાણ (ડિસ્મેન્ટલ) થવા માટે આવ્યું હતું. ભારતીય નૌકાદળ દ્વારા ૩૦ વર્ષ સુધી આઈએનએસ વિરાટની સેવા લેવામાં આવી હતી. INS વિરાટે યુ.કેમાં ૨૬ વર્ષ અને ભારતમાં ૩૦ વર્ષ એટલે કે ૫૬ વર્ષ સુધી સેવા આપેલી. ત્રણ દાયકા સુધી INS વિરાટે સમુદ્ર પર રાજ કર્યું હતું અને વિરાટ દેશની શાન હતું. જેને ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ સેવા નિવૃત્ત કરવામાં આવ્યું.

અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં આવેલી શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઓનલાઇન ઓક્શનમાં રૂપિયા ૩૮.૫૪ કરોડની કિંમતે આઈએનએસ વિરાટની ખરીદી કરવામાં આવી હતી. મુંબઈથી ટગની સાથે બાંધીને તેને અલગ એંકર પોઈટ પર લાવવામાં આવ્યું હતું. ૧૮ હજાર ટન એલડીટી ધરાવતા આ યુદ્ધ જહાજને વર્ષ ૧૯૫૯માં બનાવવામાં આવ્યું હતું. આ યુદ્ધ જહાજ વર્ષ ૧૯૮૭માં ભારતીય નેવીમાં સામેલ થયું હતું. શ્રીલંકા હોય, સંસદ પરનો હુમલો હોય કે કારગીલ હોય તે સમયે INS વિરાટે મહત્વની ભૂમિકા ભજવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ડીસેમ્બરમાં મહારાષ્ટ્ર સરકારે વિરાટને સમારકામ અને બચાવવા માટેનો પ્રસ્તાવ મોકલ્યો હતો. શિવસેના રાજ્યસભાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ આ સંદર્ભે સંરક્ષણ મંત્રાલયને એક પત્ર લખ્યો હતો.આ માટે સંરક્ષણ મંત્રાલય તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) માંગવામાં આવ્યું હતું. ચતુર્વેદીએ કહ્યું કે મહારાષ્ટ્ર સરકાર આ ઐતિહાસિક યુદ્ધ જહાજને જાળવણી કરવામાં ખુશી અનુભવશે. તેમણે કહ્યું કે, ખૂબ દુખ અને ચિંતાની વાત છે કે આઈએનએસ વિરાટને ભંગારમાં ફેરવવાની કામગીરી ગુજરાતના અલંગમાં શરૂ કરવામાં આવી છે.

### વડાપ્રધાન મોદી લોકસભામાં વિપક્ષ પર વરસ્યા

# નવા કૃષિ કાયદા કોઈને જકડતા નથી, તે વૈકલ્પિક છેઃ મોદી

**ખેડૂતોએ આત્મનિર્ભર બનવું પડશે, કૃષિ કાયદો લાગુ થતા એપીએમસી અને એમએસપી યથાવત રહેશે, ખેડૂતોની શંકા દૂર કરાશે**

*ન્યુ દિલ્હી,તા.૧૦*

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર આંદોલનકારી ખેડૂતોને સંદેશ આપ્યો હતો. વડાપ્રધાને કહ્યું હતું કે, નવા કૃષિ કાયદાઓ કોઈને પણ જકડતા નથી, તમામ માટે વૈકલ્પિક વ્યવસ્થા હાજર છે. એટલે કે ઈચ્છાનુસાર વિકલ્પ પસંદ કરી શકે છે. સરકારે જૂની મંડળી સિસ્ટમને યથાવત રાકી છે અને આ બજેટમાં મંડળીઓને આધુનિક બનાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી. પીએમ મોદીએ એમએસપી પર પણ આશ્વાસન આપ્યું હતું.

પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાનો સાધતા કહ્યું કે વિપક્ષે કૃષિ કાયદાઓને બ્લેક લો કહેતા તેના કલર પર ચર્ચા કરી પરંતુ તેના કન્ટેન્ટ પર ચર્ચા કરી હોત તો પરિણામ સારુ આવતું. આંદોલનકારી ખેડૂતોને સંદેશ પાઠવતા પીએમ મોદીએ કહ્યું હતું કે આંદોલન કરી રહેલા તમામ ખેડૂતોની ભાવનાઓની સદન આદર કરે છે અને આ માટે જ સરકાર સતત આદરભાવથી વાત કરી રહી છે. સતત વાતચીત ચાલી રહી છે. ખેડૂતોની શંકાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે, કંઇ ખોટ હોય તો એ બદલવા માટે તૈયાર છીએ.

પીએમ મોદીએ કૃષિ સુધારાઓ પર જોર આપતાં કહ્યું હતું કે જ્યાં સુધી ખેતીને આધુનિક નહીં બનાવીએ ત્યાં સુધી એગ્રીકલ્ચર સેક્ટર મજબૂત નહીં બની શકે. ખેડૂત આંદોલન પર તેમણે કહ્યું હતું કે સુધારાઓનો શરુમાં વિરોધ થાય છે પરંતુ સત્ય સામે આવતા લોકોમાં સમજ પણ આવે છે.

જોકે આ દરમિયાન સદનમાં ભારે કોંગ્રેસ દ્વારા ભારે હંગામો કરવામાં આવ્યો હતો અને તેના સભ્યો સદનથી વોકઆઉટ પણ કરી



જતાં પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે એવા આરોપ પણ લગાવ્યા હતા કે કોંગ્રેસનું વલણ રાજ્યસભા અને લોકસભામાં અલગ-અલગ હોય છે.

વડાપ્રધાને કોરોના મહામારીનો ઉલ્લેખ કરતા કહ્યું કે મહામારીને લીધે આવેલા સંકટ પર અનુમાન બાંધી લેવાયા હતા કે ભારત આ પડકારને કેવી રીતે ઝીલશે. પરંતુ ૧૩૦ કરોડ ભારતવાસીઓના અનુશાસન અને સમર્પણએ દેશને બચાવી રાખ્યો. કોરોના મહામારી અને લોકડાઉન દરમિયાન દેશના અર્થતંત્રને જીવંત રાખવા માટે કેન્દ્ર સરકારે લીધેલા નિર્ણયો અને ઉઠાવેલા પગલાઓનું પણ પીએમ મોદીએ વર્ણન કર્યું હતું.

મોદીએ કહ્યું, ‘આ ગૃહમાં ૧૫ કલાકથી પણ વધુ ચર્ચા થઈ ચે. સભ્યોએ ચર્ચાને જીવંત બનાવી છે. તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરું છું. હું વિશેષ રૂપે મહિલા સાંસદોનો આભાર વ્યક્ત કરું છું. તેમની ભાગીદારી પણ વધુ હતી. રિસર્ચ કરીને મુદ્દાઓ રાખવાનો તેમનો પ્રયાસ હતો. પોતાની વાતોને તૈયાર કરીને તેઓએ આ ગૃહ અને ચર્ચાને સમૃદ્ધ કરી છે. તેથી તેમની તૈયારી, તેમના તર્ક અને તેમની દિર્ધદ્રષ્ટી માટે હું વિશેષ રૂપે મહિલા સાંસદોનો આભાર વ્યક્ત કરું છું.‘

# રામનગરી અયોધ્યા બનશે વર્લ્ડ ક્લાસ સિટી, કેનેડાની કંપનીને મળી જવાબદારી



લખનઉ,તા.૧૦

રામનગરી અયોધ્યાની કાયાકલ્પ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે, કેનેડાના એલઈએ એસોસિએટ્સને કન્સલ્ટેંસી એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ કંપની અયોધ્યાનો પૂર્ણ વિકાસ, નગર આયોજન, પર્યટન, સિટી એરિયા પ્લાનિંગ બનાવશે. તેમાં સી.પી.કુકરેજા અને એલએન્ડટી ભાગીદારો હશે. કન્સલ્ટન્સી કંપની બનવા માટે ૭ કંપનીઓએ બોલી લગાવી હતી.

હકીકતમાં ઉત્તર પ્રદેશ સરકાર અયોધ્યાને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની તૈયારી કરી રહી છે. રામ મંદિરની ભવ્યતા માટે ત્રણ કંપનીઓ સાથે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. અયોધ્યાના સ્માર્ટ સિટી એરિયા પ્લાનિંગ, રિવર એરિયા ડેવલપમેન્ટ, હેરિટેજ, ટૂરિઝમ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ માટે આ કરાર કરવામાં આવ્યા છે. કેનેડિયન કંપની એલઈએ એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડની પસંદગી અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીએ કરી છે.

મળતી માહિતી મુજબ ૨૬ ડિસેમ્બરે અયોધ્યા વિકાસ ઓથોરિટી દ્વારા રિક્વેસ્ટ ફોર પ્રપોજલ પ્રકાશિત કરવામાં આવી હતી. રિક્વેસ્ટ ફોર પ્રપોજલ હેઠળ ઘણી કંપનીઓએ અરજી કરી હતી. અયોધ્યા વિકાસ ઓથોરિટી દ્વારા કુલ સાત ઓફરમાંથી છ ટેન્ડરોની પસંદગી સ્પર્ધા માટે કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ટેન્ડર મૂલ્યાંકન સમિતિએ અયોધ્યામાં ભવ્ય વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે માટે છેલ્લી ત્રણ કંપની પર પંસદગી ઉતારી હતી. આ ત્રણ કંપનીઓમાં મેસર્સ એલઈએ એસોસિએટ્સ સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડ, મેસર્સ આઈપીઈ અને દેશના જાણીતી મેસર્સ ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સને અંતિમ સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી છે. પસંદ કરેલી કંપની એક સર્વે દ્વારા અયોધ્યા શહેરના વિસ્તૃત અભ્યાસ પર કામ કરશે. અયોધ્યાની ધાર્મિક પર્યટન ક્ષમતા અને રામ મંદિરના મહત્વને ધ્યાનમાં રાખીને, તે સર્વાંગી વિકાસ પર કામ કરશે. કંપની ઈન્ટિગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અને નીતિ નિર્માણ પર પણ ધ્યાન આપશે.

### ઉત્તરપ્રદેશમાં બિકરુ કાંડ-૨, એક્રાઉન્ટરમાં માફિયાનો ભાઈ ઠાર

# કાસગંજમાં દારુ માફિયાને પકડવા ગયેલ પોલીસ પર હુમલોઃ એક કોન્સ્ટેબલની હત્યા

*લખનઉ,તા.૧૦*

ઉત્તર પ્રદેશના કાસગંજ ખાતે મંગળવારે મોડી સાંજે બુટલેગર્સ સામે કાર્યવાહી કરવા ગયેલી પોલીસ પર જીવલેણ હુમલો થયો હતો. કાસગંજના સિઢપુરા થાણા ક્ષેત્રના નગલા ધીમર પાસે કાલી નદીના કિનારે આ પ્રકારની અથડામણ થઈ હતી. માફિયાઓએ એક સિપાહીને મોતને ઘાટ ઉતાર્યો હતો જ્યારે ઈન્સપેક્ટરને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. ત્યાર બાદ બુધવારે વહેલી સવારે પોલીસની કાર્યવાહીમાં બુટલેગર મોતીના ભાઈને ઠાર મારવામાં આવ્યો હતો.

સિઢપુરા થાણા ક્ષેત્રના પ્રભારી પ્રેમપાલ સિંહના કહેવા પ્રમાણે પોલીસ બુટલેગર અને તેમના સાથીદારોની શોધમાં લાગી હતી અને તે સમયે પોલીસ અને બુટલેગર વચ્ચે અથડામણ થઈ હતી. બુટલેગર્સ દ્વારા પોલીસ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને જવાબી કાર્યવાહીમાં પોલીસે પણ સામો ગોળીબાર કર્યો હતો. આ અથડામણમાં બુટલેગર મોતી ધીમરના ભાઈ એલકાર સિંહને ગોળી વાગી હતી. એલકારને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જ્યાં ડૉક્ટર્સે તેને મૃત ઘોષિત કર્યો હતો.

કાસગંજના નગલા ધીમર ગામમાં દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા અડ્ડા પર ઝેરી દારૂ મામલે કાર્યવાહી કરવા ગયેલા ઈન્સપેક્ટર અને સિપાહીને ગુંડાઓએ દોડાવી-દોડાવીને માર માર્યો હતો. તેમણે પોલીસકર્મીઓનો ગણવેશ ફાડી નાખ્યો હતો અને હથિયારો છીનવી લીધા હતા. અનેક કલાકોની શોધખોળ બાદ સિપાહીની લાશ મળી આવી હતી અને બીજી જગ્યાએથી ઈન્સપેક્ટર ગંભીર હાલતમાં મળી આવ્યા હતા.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઘોષણા

કાસગંજ ઘટના મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખૂબ જ આકરૂ વલણ અપનાવ્યું છે. તેમણે આ ઘટના સામે નારાજગી વ્યક્ત કરીને તેમાં સામેલ ગુનેગારો વિરૂદ્ધ આકરી કાર્યવાહીનો આદેશ આપ્યો છે અને રાસુકા અંતર્ગત કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે શહીદ પોલીસ કર્મચારીના પરિવાર પ્રત્યે ગાઢ સંવેદના વ્યકત કરી હતી અને ૫૦ લાખની આર્થિક સહાય ઉપરાંત આશ્રિતને સરકારી નોકરી આપવા નિર્દેશ આપ્યો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૨૫૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૬૩૮૧૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૪૯૫**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૫૮૦૬૮**

### રાજ્યસભામાં ગુંજ્યો કૃષિ કાયદાનો વિરોધ

# દેશમાં બે-ચાર લોકોને ફાયદો કરાવવા માટે કૃષિ કાયદો બનાવામાં આવ્યોઃ સિબ્બલ

*ન્યુ દિલ્હી,તા.૧૦*

કૃષિ કાયદાને લઇને અવારનાવર વિપક્ષના નિશાને રહેલી કેન્દ્ર સરકારને રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ કપિલ સિબ્બલે ફરીવાર મોદી સરકારને ઘેરી છે. રાજ્ય સભામાં બજેટ ૨૦૨૧-૨૨ પર ચર્ચા દરમિયાન તેમણે જણાવ્યુ હતુ કે, આપણા દેશમાં કોઈપણ ક્ષેત્ર આત્મનિર્ભર નથી. દેશમાં બે-ચાર લોકોને ફાયદો કરાવવા માટે કૃષિ કાયદો બનાવાવમાં આવ્યો છે.

કોંગ્રેસી સાંસદે વધુમાં જણાવ્યું કે અમેરિકા જેવા દેશમાં દર વર્ષે ખેડૂતોને ૬૨ હજાર ડોલરની સબસિડી મળે છે. તેની સામે ભારતના ખેડૂતો માત્ર એમએસપી માગી રહ્યા છે. તે પણ સરકાર દ્વારા આપવામાં આવતી નથી. સિબ્બલે વધુમાં કહ્યુ કે, બજેટમાં પણ દેશના કેટલાક રાજ્યો સાથે અન્યાય કરવામાં આવ્યો છે.

સિબ્બલે કહ્યું કે, પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ જેવા રાજ્યમાં ચૂંટણી આવી રહી છે. જેથી આવા રાજ્યો માટે બજેટમાં વધુ યોજનાઓની ફાળવણી કરવામાં આવી છે.

એક તરફ આપણે આત્મનિર્ભર ભારતની વાત કરીએ છીએ પરંતુ આત્મનિર્ભર ભારતમાં ખેડૂતોને આંદોલન કરવા પડે છે. પીએમ મોદી ખેડૂતોની વાત સાંભળતા નથી અને પોતાની વાત સંભળાવી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### ચૂંટણીઓ જાહેર થવા સાથે કોરોના કેસો ઘટી જતા ડોક્ટરો પણ વિચારતા થઈ ગયા.....!

ગુજરાતમાં સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓની જાહેરાત થવા સાથે કોરોના કિસોમાં મોટો ઘટાડો થયો છે જેના કારણેડોક્ટરો પણ માથું ખંજવાળતા થઈ ગયા છે.... કે રાજ્યમાંથી આટલી ઝડપે કોરોના ઘટવાનું કારણ શું.....? રાજ્યભરના મોટા ભાગના લોકો પણ એવું માની રહ્યા છે કે કોરોના ખતમ થઈ ગયો છે. એટલે હવે રાજ્યભરમાં મોઢા પર માસ્ક ધારણ કરનારાઓની સંખ્યા નહીંવત્ દેખાઈ રહી છે.બીજી તરફ સરકારી અર્ધ સરકારી તંત્રએ હવે માસ્ક ધારણ ન કરવા બદલ દંડ વસૂલ કરવાનું બંધ કરી દીધું છે. તો કોરોના નિયમનું ઉલ્લંઘન કરનાર સામે કોઈ જ પગલા લેવામા આવતા નથી. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થતા જે તે પક્ષના કાર્યાલય ઉપર ઉમેદવારો ટેકેદારો સાથે ટોળાબંધ ઉમટી પડતા હતા જેમાં મોટાભાગના માસ્ક વગરનાજ જોવા મળતા હતા....તો ઉમેદવાર ફોર્મ ભરવા જતા ત્યારે ટોળાબંધ નીકળી પડ્યા હતા જેમાં કોરોના નિયમોના સરાજાહેર ધજીયા ઉડી રહ્યા હતા પરંતુ કોઈની તાકાત છે કે નિયમ ભંગ બદલ દંડ વસૂલાત કરે કે વધુ પેસેન્જર ભરવા બદલ વાહનો જપ્ત કરી કાર્યવાહી કરે.....?! અને આ કારણે આમ પ્રજામાં સવાલી ચર્ચા બની રહી છે કે કાયદાઓ અને નિયમો સામાન્ય પ્રજાજનો માટે જ હોય છે.... રાજકીય ક્ષેત્રને અસરજ કરતા નથી કે તેનાથી દૂર રહે છે....! તે સાથે સોશિયલ મીડિયા પર એવી કોમેન્ટો વાયરલ થઇ રહી છે કે ઉમેદવાર મત માગવા આવે ત્યારે ભરેલ રૂપિયિ ૧૦૦૦ દંડની સ્લીપ બતાવી પૈસા માંગી લેજો.... બીજી કોમેન્ટ ફરી રહી છે જેમાં ૧૫-૧૫ લાખ જબરજસ્દીસે દિયા, ફિર ૨ કરોડ યુવાઓકો પકડ પકડકર નૌકરી દી,અબ કિસાનોકો જબરજસ્દીસે કરોડપતિ બનાને પર તુલે હૈ...આ મેસેજો ફરી વળતા લોકો તેની મજા લઈ રહ્યા છે.....!

રાજ્યમાં ખાસ કરીને અમદાવાદ, રાજકોટ, સુરત મનપા માટેના કોંગ્રેસ પક્ષમાં ટિકિટ ફાળવણી માટે બઘડાટી બોલી ગઈ છે. કેટલાક જલ્લાઓમા પણ આવી જ સ્થિતિ છે.... નેતાઓની આંતરિક ખેચતાણને લઈને કોંગ્રેસ મતદારોના મિજાજનો ફાયદો નહીં લઇ શકે તેવી સ્થિતિ બની ગઈ છે. જ્યારે કે ભાજપના ઉમેદવાર પસંદગી બાબતે હોહા થઈ ખરી પરંતુ નેતાઓએ કાર્યકરોને સમજાવી લેતા ભાજપમાં હોબાળો બંધ થઈ ગયો છે પરંતુ જે તે અનેક વાર્ડમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ બની રહી છે... અને તે આયાતી ઉમેદવારોને કારણે.... જ્યારે કે કોંગ્રેસના દિગ્ગજો પરિસ્થિતિ પારખી ન શકતા કે મેદાની સમજના અભાવે કે પછી પોતાના વ્યક્તિગત સ્વાર્થને લઈને ઉમેદવાર પસંદગીમાં થાપ ખાઈ ગયા છે. જેમાં સુરતમાં "પાસ"ને ૩ ટિકીટ ફાળવવા સામે માત્ર એક ટિકિટ ફાળવતા મોટો હોબાળો થઇ ગયો છે જે કારણે કોંગ્રેસ અને પાસ આમને-સામને આવી ગયા છે.... ત્યારે પાસ નેતિઓએ પોતાનું તીર પણ છોડી દીધું છે જે કોંગ્રેસને ૫૦ બેઠકો પર અસર કરશે.....! આ કારણે કદાચ "આપ"ને લાભ મળી શકે. રાજકોટ કોંગ્રેસમાં મોટા ગજાના કહેવાતા વોર્ડ મંત્રી ૪૦૦ કાર્યકરો સાથે કોંગ્રેસમાંથી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ જતાં તેના પડઘા રાજકોટ સહિતના વિસ્તારોમાં પડ્યા છે. અમદાવાદમાં તો નેતાઓને કારણે ઉમેદવાર પસંદગી બાબતે મોટી હોહા-ધાઘલ ધમાલ મચી ગઈ જેને અસર મોટા પ્રમાણમાં થઈ છે. ૨૩ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર પરત ખેચ્યા તેમા નારણપુરામાં મહિલા ઉમેદવારે ફોર્મ પરત ખેચતા તે બેઠક ભાજપને મળી ગઈ છે. જો કે ભાજપમાં આયાતી ઉમેદવારો સામે આંતરિક આક્રોશ છે....! ત્યારે ઓવૈસીના પક્ષના ૨૧ ઉમેદવારો ઉભા રહેતા કોંગ્રેસને ફટકો પડવાની પણ શક્યતા વધી પડી છે અને તે કારણે કોંગ્રેસને ૨૪ મુસ્લિમ ઉમેદવારો પસંદ કરવા ફરજ પડી છે....!હવે ભવિષ્યમા કોંગ્રેસ નેતાગણને સુધારવા ઓવૈસી કે પાસ નેતાઓ જેવાઓની જરૂર છે તેવું ખૂદ કોંગ્રેસ કાર્યકરો કહી રહ્યા છે.....

## વિચાર વિમર્શ.

### પરમાત્માની પ્રાપ્તિ.

મનુષ્ય જીવન નો હેતુ પરમ પદ ને પામવા નો હોય છે.આત્મા હમેશા પરમાત્મા ના ચિતન માં રહતો હોય છે તે પરમાત્મા માં .નીમગ્ન હોય છે તે જ પરમપદ છે.આત્મા એ સતત પરમાત્મા સાથે અનુસંધાન રાખવું જોઈએ,કારણકે તે પરમાત્મા ની સજાતી છે.પણ આત્મા શરીર ધારણ કરે છે.એટલે પરમાત્મા સાથે નો સમધ ભૂલી જાય છે.વિસ્મૃતિ થાય છે.અને તે મન ની ઇચ્છાશક્તિ સાથે ભળી જઈને તેના જેવો બની જાય છે.આ સંગદોષ ને કારણે થાય છે અને તેથી આત્મા પરમપદ ની પ્રાપ્તિ માટે વિચારતો નથી.પણ મન ની ઈચ્છા શક્તિ ની ભોગવટા માં અને રાગ માં અટવાઈ જાય છે શરીર અતઃકર્ણ નો ઉપયોગ ભૌઉતિક સુખ માટે કરે છે,આત્મા તેમાં ભળી ગયો હોવાથી તે પણ ક્ષણ ભગુર અને નશ્વેર છે તેવા શરીર માં રસ લેવા માડે છે જેમ સિહ નું બચ્ચું ઘેટા નાં ટોળા વચ્ચે રહેવાથી તે ઘેટું જેવું બની જાય છે તેમ આત્મા પણ શરીર નાં સંગ ને કારણે.તેવો બની જાય છે.આ સંગ દોષ ને છોડવાનો સદાય પર્યંત મનુષ્ય એ ક્રરવાનો છે અને ત્યારેજ તે પરમ પદ ને પામી શકશે

એ વાત સાચી છે કે પરમાત્મા નું પ્ર્યેક્ષ રૂપ નરી આખે દેખી શકાતું નથી..તેને માટે અર્જુન ની જેમ દિવ્ય દ્રષ્ટી જોઈએ. તે ભગવાન સિવાય કોઈ આપી સકે નહિ.પણ મન માં વારંવાર પરમાત્મા નું ચિંતન કરવાથી પરમાત્મા નિર્મળ,અને નિક્ષચલ હૃદય થી અને શુદ્ધ બુદ્ધિ થી અનુભવી શકાય છે.જોઈ શકાય છે.જે તેને જાને છે તે પરમાત્મા નું સ્વરૂપ બની જાય છે.વેદાંત ની દ્રષ્ટી એ પરમાત્મા નું કોઈ સ્વરૂપ નથી. તે અનુભતી અને અનુભવ દ્વારાજ પારખી શકાય છે. અને ચિંતન અને વિચાર કરવાથી જ તે પ્રાપ્ત થાય છે.ચિંતન કે વિચાર એ આત્મા ની શક્તિ છે.અને આ શક્તિ અસમાન્ય છે.આ શક્તિ જેમ ખીલતી જાય તેમ અંધશ્રધ્ધા,માન્યતા,પરમ્પરા એમ બધા માં થી મુક્તિ મળતી જાય છે તેમ તેમ શરીર નો સંગદોષ મીતટો જાય છે. તન,મન અને આત્મા સ્થિર થઇ જાય તેવી સ્થિતિ ને પરમાત્મા ને પ્રાપ્ત કરી છે તેમ કહેવાય,

ભરત દવે.

### ૬ મહાનગર પાલિકાઓમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ પ્રચારમાં જોર લગાવ્યું

# ૬ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા ૨ ૨૯૯ ઉમેદવારો મેદાનમાં

અમદાવાદ,તા.૧૦

ચૂંટણીમાં ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો. જેના બાદ મોડી સાંજે ફાઈનલ ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ગુજરાતની ૬ મહાનગર પાલિકાઓમાં ચૂંટણી લડવા ૨૨૯૯ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં અમદાવાદમાં ૭૭૧, વડોદરામાં ૨૮૭, સુરતમાં ૪૮૪, જામનગરમાં ૨૩૬, રાજકોટમાં ૩૧૦ અને ભાવનગરમાં ૨૧૧ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે હવે ગુજરાતમાં મનપાની ચૂંટણી માટે પ્રચારનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગુજરાતની ૬ મહાનગર પાલિકાઓમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ પ્રચારમાં જોર લગાવ્યું છે. ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ૨૩ ફેબ્રુઆરીએ પરિણામ જાહેર થશે. અમદાવાદ મહાનગરપાલિકા માટે ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થયું છે. ૪૮ વોર્ડની ૧૯૨ બેઠકો માટે કુલ ૭૭૧ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપનો ૧ ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયો છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ૧૯૧ ઉમેદવારો અને કોંગ્રેસના ૧૮૮ ઉમેદવાર મેદાનમાં છે. તો બહુજન સમાજ પાર્ટીના ૫૪ અને આમ આદમી પાર્ટીના ૧૫૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમજ અપક્ષમાં ૮૬ અને અન્ય પક્ષોના ૫૬ ઉમેદવારો મેદાનમાં છે. રાજયની મહાનગરપાલિકાની ચૂંટણીમાં તમામ પક્ષો જીત માટે પ્રયાસ કરી રહ્યા છે. રાજકોટમાં પણ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે પણ ખેંચતાણ યથાવત રહી હતી. આ દિવસે વિરોધી પક્ષની પેનલને તોડવા માટે ભાજપ કોંગ્રેસ બંને પક્ષોએ પ્રયાસ કર્યા હતા. કોંગ્રેસના ઉમેદવારો તૂટવાની શરૂઆત થતા પક્ષે પોતાના નબળા ઉમેદવારોને ફાર્મહાઉસમાં નજરકેદ કરીને રાખ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસે એનસીપીના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસોમાં કોંગ્રેસને સફળતા મળી હતી અને એનસીપીના ચાર ઉમેદવારે છેલ્લી ઘડીએ ફોર્મ પાછા ખેંચી લીધા હતા. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી જીતવા માટે ભાજપે પ્રચાર શરૂ થાય તે પહેલાં જ કોંગ્રેસના બે ઉમેદવારોને ફોર્મ પરત કરવા રાજી કરી લીધા હતા.

ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને એનસીપીના આગેવાનો સતત દોડતા રહ્યા હતા. ભાજપના આગેવાનો કોંગ્રેસના વધુ એક ઉમેદવારે ફોર્મ પાછું ખેંચે તે માટે છેલ્લી ઘડી સુધી પ્રયાસો કર્યા હતા. કોંગ્રેસના આગેવાનો એનસીપીના ચાર ઉમેદવારના ફોર્મ ખેંચવામાં સફળ રહ્યા હતા. જેમાં વોર્ડ નં.૩ માં ધવલ રાવલ, વોર્ડ નં.૫માં મચ્છાભાઈ જાદવ, વોર્ડ નં.૧૮ માં નિલેશ વીરડિયા અને વોર્ડ નં.૬ માંથી દેવશીભાઈ પરમારે ફોર્મ પરત ખેંચ્યું હતું. તો હવે રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠકો માટે ૨૯૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ છે. ફોર્મ પરત ન ખેંચનારા પાસ સમર્થક ઉમેદવારોને અલ્પેશ કથીરિયાએ જડબાતોડ જવાબ આપ્યો હતો. અલ્પેશ કથીરિયાએ હુંકાર કર્યો છે કે, તમારી હોડી કેવી રીતે પાણીમાં તરે છે તે હવે ખબર પડશે. તમામ પાટીદારો સાથે કોંગ્રેસે ગદ્દારી કરી હોવાનું કહીને ફરી એકવાર કોંગ્રેસ પર ગંભીર આરોપ લગાવ્યો છે.

### વિશ્વસ્તરે ૧૦.૬૯ કરોડથી વધુ લોકો સંક્રમણનો ભોગ બન્યા

વોશિંગ્ટન,તા.૧૦

ચીનના વુહાન શહેરમાંથી પેદા થયેલી કોરોના મહામારી વિશ્વના ૧૯૨ દેશોને તમામ રીતે પ્રભાવિત કરી ચૂકી છે. આ અંગે જાહેર કરાયેલા તાજા રિપોર્ટ મુજબ વિશ્વમાં અત્યાર સુધી ૧૦.૬૯ કરોડથી પણ વધુ લોકો આ મહામારીનો ભોગ બની ચૂક્યા છે જ્યારે ૨૩,૪૧,૦૧૦ સંક્રમિત લોકો જીવ ગુમાવી બેઠા છે. આ રિપોર્ટ અમેરિકાની જોન હોપકિન્સ યૂનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.

રિપોર્ટ મુજબ કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત અમેરિકામાં સંક્રમણના કુલ કેસનો આંકડો ૨.૭૧ કરોડને પાર કરી ગયો છે જ્યારે ૪,૬૮,૨૦૩ દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોની યાદીમાં સામેલ બ્રાઝીલમાં પણ ૯૫.૯૯ લાખ લોકો સંક્રમણનો ભોગ બની ચૂક્યા છે અને ૨.૩૩ લાખથી વધુ લોકોના મોત નીપજ્યા છે. બ્રિટન પણ સૌથી વધુ પ્રભાવિત દેશોમાં સામેલ હતું જ્યાં કુલ કેસ ૩૯.૮૩ લાખથી વધુ છે, અહીં ૧.૧૪ લાખથી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે.

કોરોના મહામારીનો પ્રકોપ યુરોપિયન દેશોમાં પણ જોવા મળ્યો હતો, જેમાં રશિયામાં કુલ કેસ ૩૯.૫૩ લાખ પૈકી ૭૬૩૪૭ મૃત્યુઆંક હતો. ફ્રાન્સમાં કુલ કેસનો આંકડો ૩૪.૧૯ લાખ અને ૮૦ હજારથી વધુ મૃત્યુઆંક હતો. સ્પેનમાં અત્યાર સુધી ૩૦ લાખથી વધુ સંક્રમિતો હતા અહીં ૬૩ હજારથી વધુ લોકો જીવ ગુમાવી બેઠા હતા. ઈટાલી પણ સૌથી વધુ પ્રભાવિત થયું હતું અહીં કુલ કેસ ૨૬ લાખને પાર હતા જેમાં ૯૨ હજારથી વધુના મોત નીપજ્યા હતા.

# અમેરિકાએ એટલાન્ટિક મહાસાગરમાં સબમરીન મિસાઈલ ટ્રાઈડન્ટ-૨નું સફળ પરિક્ષણ કર્યું



વોશિંગ્ટન,તા.૧૦

રશિયા અને ચીન સાથે ચાલી રહેલા તનાવ વચ્ચે અમેરિકાએ એટલાન્ટિક મહાસાગરમાં તેની સબમરીન મિસાઈલ ટ્રાઈડન્ટ -૨નું સફળ પરીક્ષણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. પરમાણુ હથિયાર વહન કરવામાં સક્ષમ મિસાઈલ ૮ હજાર કિલોમીટર સુધી વિનાશ સર્જી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રાઈડન્ટ મિસાઈલનું ફ્લોરિડાના દરિયાકાંઠેથી લોન્ચ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ પરીક્ષણ દરમિયાન મિસાઈલે આશરે ૮૨૦૦ કિમીનો સફર તય કર્યો. મિસાઈલ લોન્ચ સમયે ફ્લોરિડામાં સાંજ હતી અને લોકોને લાગ્યું કે ધૂમકેતુ ધૂમાડો છોડી રહ્યું છે. અમેરિકાએ આ પરીક્ષણ એવા સમયે કર્યું છે જ્યારે રશિયા અને ચીન સાથે તેનું તણાવ વધ્યું છે. સંરક્ષણ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દુશ્મનના હુમલા પછી યુએસ અને બ્રિટનની જવાબી કાર્યવાહી કરવાની ક્ષમતાની ચકાસણી કરવા માટે આ મિસાઈલ પરીક્ષણ નિર્ણાયક હતું.

જો કે, હજી સુધી આ સ્પષ્ટ થઈ શક્યું નથી કે ટ્રાઈડન્ટ ૨ મિસાઈલને અમેરિકા અથવા બ્રિટેનમાંથી કોની સબમરીનથી લોન્ચ કરવામાં આવ્યું છે. અમેરિકા પોતાની મિસાઈલોનું પરીક્ષણ ઘણી વખત પ્રશાંત મહાસાગરમાં કરે છે. તાજેતરમાં ફ્રાન્સે પણ એટલાન્ટિક મહાસાગરમાં તેની એક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. વર્ષ ૨૦૧૬ની શરૂઆતમાં યુકે નેવી દ્વારા આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું જે અસફળ રહ્યું હતું.

ટ્રાઈડન્ટ -૨ એ અમેરિકાની સૌથી ખતરનાક મિસાઈલોમાંની એક છે. સબમરીનથી ચાલતી આ મિસાઈલ પરમાણુ હથિયાર વહન કરવામાં સક્ષમ છે. નિષ્ણાંતોના મતે, યુ.એસ. દર વર્ષે આ મિસાઈલનું પરીક્ષણ કરે છે. યુ.એસ.એ પહેલાથી જ મિસાઈલ પરીક્ષણ માટે ચેતવણી આપી હતી. યુએસ નેવીએ તેની સબમરીન પર એક હજાર પરમાણુ શસ્ત્રો તૈનાત કર્યા છે.

# ૫૦૦થી વધારે ટ્વીટર એકાઉન્ટ કર્યાં બંધ, વિવાદિત હેશટેગ હટાવાયા: ટ્વીટર

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારત સરકાર અને સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર ઈન્ડિયા ઘણા મુદ્દે એકબીજાની સામ સામે આવી ગયા છે. ભારત સરકારે વિવાદીત ટ્વિટર એકાઉન્ટ્સ અને હેશટેગ હટાવવાને લઈને ટ્વિટર પાસે જવાબ માંગ્યો હતો જેનો આજે ટ્વિટરે જવાબ આપ્યો હતો.

ટ્વિટરે ભારત સરકારને આપેલા જવાબમાં કહ્યું હતું કે, તેમના તરફથી વાંધાજનક હેશટેગસને હટાવવામાં આવ્યા છે અને તેનાથી સંબંધિત કંટેટને પણ દૂર કરી નાખવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ખેડૂત આંદોલન માં ટ્વિટર દેશવિરોધી પ્રવૃત્તિઓનો જાણે અડ્ડો બની ગયું હતું.

ટ્વિટર તરફથી જવાબ આપવામાં આવ્યો છે કે, તેને ભારત સરકારે કેટલાંક એકાઉન્ટ્સ ડિલીટ કરવા કહ્યું હતું, જેને હટાવવામાં આવ્યાં હતાં. પરંતુ તપાસ બાદ જાણવા મળ્યું કે, તેનું કંટેન્ટ ભારતીય કાયદા અનુસાર જ છે, તો તેને ફરીથી રિસ્ટોર કરવામાં આવ્યાં. પોતાના જવાબમાં ટ્વિટરએ કહ્યું હતું કે, અમારા તરફથી આશરે ૫૦૦થી વધુ એકાઉન્ટ્સ પર એક્શન લેવામાં આવ્યા છે. આ બાબતની જાણકારી સરકારને પણ આપવામાં આવી. ટ્વિટરએ એમ પણ કહ્યું હતું કે, અમે અગાઉ પણ સરકાર સાથે અમારી વાતચીત ચાલુ રાખીશું.

૨૬મી જાન્યુઆરીએ ખેડૂતોની ટ્રેક્ટર રેલીમાં ભડકેલી હિંસાને લઈને પણ ટ્વીટરે પોતાનું નિવેદન જારી કર્યું હતું. પોતાના નિવેદનમાં ટ્વિટરે કહ્યું હતું કે, ૨૬ જાન્યુઆરી બાદથી જ ટ્વિટર તરફથી ઘણી એવી સામગ્રી હટાવવામાં આવી છે જે નિયમોનું ઉલ્લંઘન કરે છે અને વાતાવરણ બગાડવાનું કામ કરે છે. આ દરમિયાન પણ ૫૦૦ ટ્વિટર એકાઉન્ટ્સને સસ્પેંડ કરવામાં આવ્યા. કેટલાંક હેશટેગ પર રોક લગાવી દેવામાં આવી હતી.

# શેરબજારમાં નિરાશા વ્યાપી, સેન્સેક્સ-નિફ્ટી સામાન્ય ઘટાડા સાથે બંધ

મુંબઈ,તા.૧૦

શેરબજારમાં આજે માર્કેટ બંધ થતા નિરાશા જોવા મળી છે. જેમાં સેન્સેક્સ -૧૯.૬૯ પોઈન્ટ એટલે ૦.૩૮% ટકાના ઘટાડા સાથે ૫૧,૩૦૯.૩૯ પર બંધ રહ્યો છે. તેમજ નિફ્ટી -૨.૮૦ પોઈન્ટ એટલે ૦.૧૯% ટકાના ઘટાડા સાથે ૧૫,૧૦૬.૫૦ પર બંધ રહી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે એસબીઆઈ લાઈફ, એચડીએફસી લાઈફ, એમએન્ડએમ, બજાજ ફિનસવર અને સિપ્લાના શેર ગ્રીન માર્ક પર બંધ થયા છે. જેમાં આઈશર મોટર્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, ટાટા સ્ટીલ અને બ્રિટાનિયાના શેરો લાલ નિશાન પર બંધ થયા છે.

સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો, આજે બેંકો, ફાઈનાન્સ સેવાઓ, ખાનગી બેંકો, એફએમસીજી અને મેટલ લાલ નિશાન પર બંધ થયા છે. તેમજ આઈટી, ઓટો, મીડિયા, રિયલ્ટી, પીએસયુ બેંક અને ફાર્મા ગ્રીન માર્ક પર બંધ થયા છે.

બજાજ ફિનસર્વ ૨.૯૬ ટકા વધીને ૧૦૨૩૪.૯૦ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ ૨.૨૧ ટકા વધીને ૯૧૪.૩૫ પર બંધ રહ્યો હતો. જ્યારે એચડીએફસી બેંક, ભારતી એરટેલ, એક્સિસ બેંક, ઓએનજીસી, નેસ્લે સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. એચડીએફસી બેંક ૧.૭૭ ટકા ઘટીને ૧૫૮૩.૫૦ પર બંધ રહ્યો હતો. ભારતી એરટેલ ૧.૪૫ ટકા ઘટીને ૫૯૦.૧૦ પર બંધ રહ્યો હતો. ૧૦ ફેબ્રુઆરીએ ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ૧-૧ ટકાથી વધુ વધારા સાથે કારોબાર કરી રહ્યો છે. જ્યારે કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ અને ઓસ્ટ્રેલિયાનો ઓલ ઓર્ડિનરીઝ ઈન્ડેક્સ સપાટ કરોબાર કરી રહ્યો છે. આ પહેલા યુરોપ અને અમેરિકાના બજારો પણ સપાટ બંધ થયા હતા.

# ૨૫ દેશોને કોમર્શિયલ બેઝ પર ૨.૪૦ કરોડ વેક્સીન ડોઝ સપ્લાય કરશે ભારત

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના મહામારી વિરુદ્ધ લડાઈમાં ભારત દુનિયાના અનેક દેશોની વેક્સીનની મદદ પહોંચાડી રહ્યું છે. જે હેઠળ વિતેલા દિવસોમાં બાંગ્લાદેશ, નેપાળ સહિત દેશોમાં વેક્સીન ડોઝ મોકલવામાં આવ્યા હતા. હવે ભારતે ફેબ્રુઆરી મહિનામાં કોમર્શિયલ બેઝ પર વિશ્વના ૨૫ દેશોને ૨ કરોડ ૪૦ લાખ કોરોના વેક્સીનના ડોઝ સપ્લાય કરવાનો નિર્ણય લીધો છે. માહિતી મુજબ જાન્યુઆરીમાં ભારત એક કરોડ પાંચ લાખ વેક્સીન ડોઝ અન્ય દેશોને પહોંચાડયા હતા, પરંતુ આ મહિને વેક્સીન સપ્લાયનું પ્રમાણ લગભગ ડબલ છે.

ગત મહિને કેન્દ્ર સરકારે આ મુદ્દે માહિતી આપી હતી કે વિદેશ મંત્રાલય આંતરરાષ્ટ્રીય દેશો અને સંગઠનોને કોમર્શિયલ આધાર પર વેક્સીન એક્સપોર્ટ પર નજર રાખશે. અત્યાર સુધી ભારત ૨૦ દેશોને સીરમ ઈન્સ્ટીટયૂટ દ્વારા ઉત્પાદન કરાયેલી વેક્સીનના ૧.૬૦ કરોડ ડોઝ સપ્લાય કરી ચૂક્યુ છે. આ દેશોની યાદીમાં બાંગ્લાદેશ, મ્યાનમાર, ભૂટાન, નેપાળ, અફઘાનિસ્તાન, શ્રીલંકા, બહરીન, ઓમાન, બારબાડોસ, ડોમિનિકા જેવા દેશોને આશરે ૬૦ લાખ વેક્સીન ડોઝ સપ્લાય કરવામાં આવ્યું હતું. બ્રાઝીલ, મોરક્કો અને દક્ષિણ આફ્રિકા સહિત સાત દેશોમાં કોમર્શિયલ આધારે એક કરોડથી વધુ વેક્સીન ડોઝ સપ્લાય કરવામાં આવ્યા હતા.

જ્યારે ફેબ્રુઆરીમાં સઉદી અરબ, બ્રાઝીલ, મોરક્કો, મ્યાનમાર, નેપાળ, નિકારાગુઆ, મોરેશિયસ, ફિલિપીન્સ, સર્બિયા, યૂએઈ અને કતર સહિત ૨૫ દેશોને કોમર્શિયલ બેઝ પર ૨ કરોડ ૪૦ લાખ વેક્સીન ડોઝ સપ્લાય કરવાના છે. જોકે ભારત પાસેથી કોરોના વેક્સીન સપ્લાય મેળવવા માટે કેનેડાએ પણ રજૂઆત કરી હતી, પરંતુ હાલની યાદીમાં તેનું સામેલ કરાયુ નથી.

### મોડાસા ટાઉન પોલીસે લીમડા તળાવ નજીક

# ખુલ્લી જગ્યામાં હારજીતની બાજી લગાવી બેઠેલા ૬ શકુનિઓને રૂ.૧૫ હજારથી વધુની રકમ સાથે દબોચ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાની કડક કાર્યવાહીના પગલે જીલ્લામાં ચાલતા જુગારધામ અને વરલી મટકાના સ્ટેન્ડના પાટીયા પડી ગયા છે મોડાસા શહેરમાં લીમડા તળાવ નજીક ખુલ્લી જગ્યામાં ૬ જુગારીઓ હારજીતની બાજી લગાવી બેઠા હોવાની બાતમી ટાઉન પોલીસને મળતા ટાઉન પોલીસ તાબડતોડ બાતમી આધારિત સ્થળે ત્રાટકી ખુલ્લી જગ્યાને કોર્ડન કરી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ શકુનિઓને દબોચી લઈ ૧૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારોમાં ચાલતી જુગાર દારૂની સહીતની ગેરકાયદેસર પ્રવૃતિઓને ડામવા સઘન પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે લીમડા તળાવ નજીક ખુલ્લી જગ્યામાં જુગારીઓ હારજીતની બાજી લગાવી બેઠા હોવાની બાતમી મળતા લીમડા તળાવની ખુલ્લી જગ્યામાં પહોંચતા જુગારીઓમાં નાસભાગ મચી હતી પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી ૧)રફીક મોહમ્મદભાઈ બાકરોલીયા,૨)ઈકબાલ હુસૈન ઉમરભાઈ બાયડીયા,૩)મોહમ્મદ રફી યુસુફમીયાં શેખ ,૪)દાઉદભાઈ અહેમદભાઈ બાંડી,૫)મુસ્તુફા ઉર્ફે પુત્તાર ગુલમભાઈ ગેણા અને ૬)અબ્દુલ કાદર ઉર્ફે મામુ બદરમિયા જમાદાર (તમામ રહે,મોડાસા)ને દબોચી લીધા હતા હારજીતની બાજી પર લગાવેલ અને શકુનિઓની અંગ જડતી દરમિયાન મળી આવેલ રૂ.૧૫૫૭૦ /- રોકડ જપ્ત કરી જુગારધારા કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## ફોટો ગેલેરી






# આમ આદમી પાર્ટી
## અમદાવાદ

**ગેરેંટી** 100% GUARANTEE **કાર્ડ**

**આમ આદમી પાર્ટી અમદાવાદ મહાનગરપાલિકાનું શાસન સંભાળશે તો નીચેની ગેરંટીઓ ઉપર નિષ્ઠાપૂર્વક કાર્ય કરશે**

**શિક્ષણ**

- દિલ્હી મોડેલ જેવું આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ સહુને માટે :
- શહેરના દરેક વોર્ડમાં ૮-૧૨ સરકારી શાળાઓનું નિર્માણ અને પુનઃ નિર્માણ, જેમાં ટ્યુશનની જરૂર ના પડે એવી ગુણવત્તાવાળું દરેક માધ્યમનું શિક્ષણ ફરજિયા અને મફત આપીશું.
- શહેર/ જિલ્લા/ ગ્રામ્યના દરેક વર્ગના બાળકોને ધોરણ ૧ થઈ ૧૨ સુધીનું મફત શિક્ષણ આપીશું. આર્થિક રીતે નબળા પરિવારના બાળકોને મફત પુસ્તકો અને ગણવેશ આપીશું.
- દરેક માધ્યમના શિક્ષકોને મહત્તમ શૈક્ષણિક લાયકાત બાદ નિયુક્તિ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ આપીશું.
- સરકારી શાળાઓમાં પાયાની દરેક સહુલિયત અને સંપૂર્ણ સુરક્ષાની વ્યવસ્થા આપીશું.
- સરકારી શાળાઓમાં ભણતા દરેક બાળકને ભેદભાવ વગર પૌષ્ટિક અને પોષણયુક્ત મધ્યાહન ભોજન આપીશું. ખાનગી શાળા માટે પણ એની રજૂઆત કરીશું.

**આરોગ્ય**

- દિલ્હી મોડેલ જેવી આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્વાસ્થ્ય સેવાઓ સહુને માટે :
- ઉચ્ચ અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મફત આરોગ્ય/ સ્વાસ્થ્ય સેવાઓ સહુને માટે, નવી ૪-૬ સરકારી હોસ્પિટલોનું નિર્માણ અને હાલમાં છે એનું પુનઃનિર્માણ કરીશું.
- દરેક વોર્ડ/ વિસ્તારમાં મહોલ્લા ક્લિનીક જેમાં પાયાની તબીબી સેવાઓ, સ્વાસ્થ્ય સંબંધી રીપોર્ટ, રસીકરણ અને દવાઓ મફત આપીશું.
- સરકારી હોસ્પિટલોને આધુનિક ટેકનોલોજી દ્વારા આવરી લેવામાં આવશે અને મોબાઈલ એપ દ્વારા ડોક્ટર એપોઇન્ટમેન્ટ, દર્દીની પૂરેપૂરી વિગત જેવી પાયાની સહુલિયત આવરી લેવામાં આવશે.

**વેરાઓ**

- કોર્પોરેશન પ્રોપર્ટી વેરો અને બીજા વેરાઓમાં રાહત :
- પ્રોપર્ટી ટેક્સમાંથી ગેરવહીવટ દૂર કરી એને સંપૂર્ણ પ્રજાલક્ષી અને પારદર્શક બનાવીશું.
- મોંઘવારીમાં પીસાતી પ્રજાને રહેઠાણ માટે વપરાતા હાલના પ્રોપર્ટી વેરા પર ૫૦ ટકા રાહત આપીને વેરો અડધો કરીશું.
- ધંધાકીય વપરાશ માટે વપરાતી જગ્યાના વેરાની નવેસરથી સમીક્ષા કરીશું અને સ્વ-વપરાશ અને ભાડે આપેલી જગ્યાનો પ્રોપર્ટી ટેક્સ ઓછો કરીને એક સમાન કરીશું.
- દરેક વર્ગને આંશિક રાહતના હેતુથી પાણી પરનો વેરો અને વ્યવસાયિક વેરો સંપૂર્ણ નાબુદ કરીશું.

**પાર્કિંગ અને પરિવહન**

- મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવાઓને આંતરરાષ્ટ્રીય કક્ષાની અને પ્રદૂષણ મુક્ત બનાવીશું. દર ૧૦ લાખની વસ્તીએ ૪૦૦-૫૦૦ બસોની સગવડ પૂરી પાડીશું, નાગરિકોનુ સુરક્ષા હેતુ સીસીટીવી અને જીપીએસ દરેક બસમાં મૂકાવીશું. વિદ્યાર્થીઓ, મહિલાઓ, વિકલાંગો, પોલીસકર્મીઓ, અગ્નિશામક દળ, સેના અને પોલીસના જવાનો અને વરિષ્ઠ નાગરિકોને મફત મુસાફરીનો પાસ આપીશું.
- બીઆરટીએસ રૂટની સમીક્ષા કરી એનો મહત્તમ ઉપયોગ કરીશું.
- રોડ-રસ્તા અને ફૂટપાથની ગુણવત્તા સુધારીને પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ થતો અટકાવીશું. આંતરરાષ્ટ્રીય ઢબના મહદ અંશે ફ્રી પાર્કિંગ વ્યવસ્થાનો આખા શહેરમાં અમલ કરાવીશું અને પાર્કિંગની જટિલ સમસ્યાને કાયમી ધોરણે દૂર કરીશું. પાર્કિંગ બાબતે ટ્રાફિક પોલીસની રંજાડ દૂર કરીશું.

**સાંસ્કૃતિક**

- દરેક વોર્ડમાં મહિલા સશક્તિકરણ અને સહાય હેતુથી કાયદાકીય સહાય કેન્દ્ર ઉભું કરીશું, જેમાં સામાજિક, પારિવારિક, શારીરિક, માનસિક અને બીજી કોઇપણ રીતે પીડિત અથવા સતામણીનો શિકાર બનેલી મહિલાઓને મફત કાયદાકીય માર્ગદર્શન અને સહાયતા પૂરી પાડીશું. મહિલા આયોગને વધુ સત્તા અપાવી પોલીસ વિભાગમાં મહિલા સંચાલિત અલગ ટીમ તૈયાર કરાવીશું. દરેક વોર્ડમાં મહિલાઓ માટે સ્પોર્ટ્સ અને સ્વબચાવ માટેની તાલીમના સંકુલ ઉભા કરીશું.
- દરેક વોર્ડમાં રમતગમતના મેદાનો, અદ્યતન પુસ્તકાલય, બાળકો માટેના ક્લબ હાઉસ વિગેરે જેવી અદ્યતન સગવડ પૂરી પાડીશું. મોટાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે દરેક વોર્ડમાં બાગ-બગીચા, યોગા, સાયકલિંગ ટ્રેક વગેરે જેવી સગવડો પૂરી પાડીશું.

**પર્યાવરણ**

- ઘટતા વૃક્ષોએ પ્રદૂષણનું મુખ્ય કારણ હોય, વૃક્ષારોપણ પ્રત્યે પૂરું ધ્યાન આપીશું. વૃક્ષારોપણ કાર્યક્રમને આકર્ષક બનાવીને પુરસ્કાર આધારિત કાર્યક્રમ ગોઠવીને શહેરના દરેક નાગરિકને એમના વોર્ડ/ વિસ્તારમાં વૃક્ષારોપણ કરવા પ્રેરિત કરીશું. હાલમાં શહેરની હદમાં વૃક્ષોની સંખ્યા ૧ નાગરિક દીઠ ૧ વૃક્ષ છે એ ૧ નાગરિક દીઠ ૫ વૃક્ષની સંખ્યા પર લઇ જવાનો પ્રાથમિક ધોરણે પ્રયત્ન કરીશું.
- નદી-નાળાને દુષિત કરતા કેમિકલ છોડતા એકમો માટે કડકમાં કડક કાયદા ઘડીશું અને પાણીના શુદ્ધિકરણ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીશું. ખારીકટ કેનાલની ગંદકી દૂર કરી એનું નવનિર્માણ કરીને એની માવજત કરીશું.

**જનસુવિધા**

- દરેક વોર્ડના કોર્પોરેટરે કરેલા કામનો હિસાબ વોર્ડ / મહોલ્લા કમિટી પાસેથી લીધા પછી જ બિલ પાસ કરીશું. દરેક કોર્પોરેટરના કામનો હિસાબ જોવાનો જનતાને હક્ક આપીશું. ગેરવહીવટ દૂર કરીને તમારા ટેક્સના પૈસાનો વેડફાટ અટકાવીશું.
- દરેક એએમસીની મેઇન અને વોર્ડ અને સિવિક સેન્ટર ઓફિસામં ફ્રી વાઇફાઇ, પીવાનું શુદ્ધ ઠંડુ ફિલ્ટર્ડ પાણી, ચોખ્ખા શૌચાલય અને તમા પ્રશ્નોનું નિરાકરણ થાય એ રીતની પાયાની સગવડ આપીશું. જનતાને નડતા દરેક પ્રશ્નોનું ૨૪ થઈ ૭૨ કલાકમાં ગેરંટીથી હલ લાવીશું. મોબાઈલ એપ દ્વારા દરેક નાગરિક એમના વોર્ડ/ વિસ્તારની દરેક સમસ્યા મોકલી શકે એવી આધુનિક પદ્ધતિ અપનાવીશું.

**અન્ય**

- અગ્નિશામક દળનું વિસ્તરણ કરીશું અને આધુનિક સાધનોથી સજ્જ કરીશું. દરેક વોર્ડમાં મીની ફાયર સ્ટેશન ઉભું કરીશું અને અગ્નિશામક દળના દરેક જવાનને આંતરરાષ્ટ્રીય કક્ષાની અગ્નિશામક અને સુરક્ષા તાલીમ પૂરી પાડીશું અને ફાયર સેફ્ટીના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવીશું.
- સાર્વજનિક શૌચાલયનો જટિલ મુદ્દો દૂર કરીશું અને દર બે કિલોમીટરે એક મફત અને આધુનિક સાર્વજનિક શૌચાલયની વ્યવસ્થા આપીશું. દરેક શૌચાલયમાં પાણી અને સ્વચ્છતા પર પૂરું ધ્યાન આપીશું.
- આર્થિક રીતે નબળા વર્ગ માટેની આવાસ યોજનાને (ઈડબલ્યુએસ) ગેરવહીવટમુક્ત અને સંપૂર્ણ પારદર્શક બનાવીશું અને ખરા લાભાર્થીઓ સુધી પહોંચી શકે એવું માળખું રચીશું.
- કચરાનો આધુનિક ઢબે નિકાલ આંતરરાષ્ટ્રીય સ્તરે કરીશું અને રિસાયક કરવા લાયક પ્લાસ્ટિક અને રબરના કચરાથી જે રીતે વિદેશમાં ટકાઉ રોડ બનાવવામાં આવે છે એનો અમલ કરીશું. કચરાની હેરફેર કરતા કર્મચારીઓને સ્વાસ્થ્યપૂર્ણ સગવડો આપીશું.
- શહેરની અમૂલ્ય ધરોહર સમા તળાવોની દુર્દશા પર પૂરતું ધ્યાન આપીને પૂર્વ વિસ્તારના મલેક સાહેબ સ્ટેડિયમ તળાવ, દક્ષિણ ઝોનમાં મણિનગર ચંડોળા તળાવને વિકસિત કરીને સહેલાણીઓ આકર્ષાય એવું બનાવીશું.
- ભ્રષ્ટાચાર અને ખાયકીયુક્ત કોન્ટ્રાક્ટ પદ્ધતિ દ્વારા કામ પર સંપૂર્ણ રોક લગાવીશું અને કોન્ટ્રાક્ટ/ હંગામી કાર્યકરોને કાયમી ધોરણે કોર્પોરેશનમાં રોજગારી આપીશું.
- રખડતા ઢોર, કૂતરા અને બીજા પ્રાણીઓ મુક્ત શહેર બનાવીશું. લોકલાગણી દુભાય નહીં એવા માનવતાપૂર્ણ અભિગમ અપનાવીને આ સમસ્યાનો યોગ્ય નિકાલ ત્વરિતપણે લાવીશું. ઝોન પ્રમાણે એનીમલ - હોસ્ટેલ તૈયાર કરાવીશું.

**પ્રેષક : આમ આદમી પાર્ટી, અમદાવાદ**
એ-૬૦૩, ગણેશ પ્લાઝા, નવરંગપુરા બસ સ્ટોપ સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯
**હેલ્પ લાઇન નં. ૭૮ ૧૮ ૮૧૦ ૮૧૦**





# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની સાત પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય :પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com,
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
સભ્ય લેખકો : અંજના ગાંધી,ઋતુંભરા ઠાકર,શ્વેતા તલાટી,હેમલતા દિવેચા,મીનું માંગરોલિયા,મનોજ પંચાલ, ડો.રેખા કચોરિયા
યુટ્યુબ ચેનલઃ janfariyadnews (સાહિત્ય સરિતા)

---

**NOG SS NO : 0026**
ચિત્ર પરથી રચના
વિષય - પદ્ય
શીર્ષક - એ બીજું કોઈ નહીં પણ પિતા.

વાદળી કાળી જ્યારે છવાયે,
કુટુંબ કેરો ભાસ્કર થઈ જાયે,
દુ:ખની છાયા જ્યારે મંડરાયે,
ત્યારે તેજ - કિરણ થઈ જાયે,
એ બીજું કોઈ નહીં પણ પિતા.
ફૌલાદ જેવું જિગર રાખે,
કન્યા વિદાય ટાણે, મીણ થઈ જાયે,
એ બીજું કોઈ નહીં પણ પિતા.
પુત્રને નાનપણમાં આંખો બતાવે,
જુવાન પુત્રને ખભે હાથ મૂકી દુનિયાદારી સમજાવે,
એ બીજું કોઈ નહીં પણ પિતા.
કંટક પર પોતે ચાલીને,
સૌને માટે ફૂલ બિછાવે,
થઈ બાગબાન સૌનો, હસતે મોઢે ફરજ નિભાવે,
એ બીજું કોઈ નહીં પણ પિતા.
બદલાય ઋતુ, વર્ષ, મહિનો,
પણ એ તો બદલાય કદી ના,
એ બીજું કોઈ નહીં પણ પિતા.

અંજના ગાંધી "મૌનું",વડોદરા

---

**NOG SS No :- 0077**
વિભાગ:પદ્ય મૌલિક
હું પપ્પા છું
બનવું પપ્પા નથી સહેલુ કામ ...!

રહેવું પપ્પા બની
ઘણું અઘરું કામ ...!
જન્મતાની સાથ,
ટોપલો અપેક્ષાનો આવતો સંગાથ...!
જીવન આખું જીવાતું કુંટુંબની આસપાસ,
સમાજ પણ રાખતો
લોખંડી વ્યક્તિત્વની આશ...!
પપ્પા એટલે જાણે લોખંડનો ખીલો,
ચાલે ન ક્યારેય વ્યવહારે ઢાલોઢીલો.!
સમાજને સ્વીકાર્ય બધાં એના ખરાબ અવગુણ, પણ,
લાગણીવશ થઈ ક્યારેક રડાવું એ તો બાયલાંપણાનો ગુણ...!
સમાજની એ જીવાદોરી,
ઘર પરીવારની ખભે ઉઠાવતો જવાબદારી...!
સાહિત્ય સહુ માતાને સમરે,
પપ્પા બિચારાં વિકલ્પ સ્વરૂપે...!
ઘરનો પાયો પપ્પા ,
સમાજનો મજબૂત સ્તંભ પપ્પા ...!
પરિવારની દિવાદાંડી પપ્પા..!
મમ્મીની કરોડરજ્જુ પપ્પા..!
બાળકોની ફુલવાડી પપ્પા...!
મમ્મીને પોતાની સમકક્ષ બનાવવામાં પણ મોટો હાથો પપ્પા ..!
તો ય, સમાજમાં પપ્પાને ભાગે હરહંમેશ આવી ઓછી વાહવાહી હાથ....!
હે જગતનાં નાથ,
પ્રાર્થુ જોડી બે હાથ...!
રાખજે સદા પપ્પાનો ભરોસો અડગ,
ન થાય કદી ના એમનો આત્મવિશ્વાસ ડગમગ...!
રાખજે સદા એમને ખુશખુશાલ,
તો, એના થકી,
દુનિયા બને અમારી નવનિહાલ...!

ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ

---

**NOG SS No :- 0078**
પ્રકાર - પદ્ય
વિષય - દીકરીઓ પર ગઝલ
શીર્ષક - નથી હું માનતી

દીકરીને પારકી થાપણ નથી હું માનતી;
વ્હાલને કંઇ સાપનું ભારણ નથી હું માનતી .
લાડલી મારી નજર સામે જ મોટી થઈ હવે;
પારકું ઘર ને થશે આંગણ નથી હું માનતી.
લગ્ન બેટીનાં,નયનમાં પૂર પાક્કું લાવશે;
દુ:ખ થવાનું જન્મભર એ પણ નથી હું માનતી.
આપવું ડ્હાપણ રહ્યું કે દીકરી છે મારી, પણ ;
હોય દુ:ખ ને કહેવું નહિ, ડ્હાપણ નથી હું માનતી
જ્યાં જઈશ મારા હ્રદયમાં તું સદા હોઈશ પણ;
રોજ ભીની હોં હશે પાંપણ નથી હું માનતી.
તું વગર સાદે બધી તકલીફમાં આવીશ ને ?
સાવ નોખા થઈ જશું આપણ નથી હું માનતી.
આવતી રહેજે તને મન થાય ત્યારે ઘર છે આ !લાગણીનું તૂટશે સગપણ નથી હું માનતી

શ્વેતા તલાટી

---

**NOG SS NO - 0037**
વિષય - પપ્પા, મમ્મી,ભાઈ..
વિભાગ - પદ્ય.
શીર્ષક - શબ્દાંજલી.
અક્ષર મુજબ
રચના.

તુ -લસી ક્યારા સમાન દીકરીને એકલી મૂકી,
ક્યાં ચાલ્યાં ગયાં પપ્પા..?
લ - ડાવ્યાં લાડ બચપણથી આજ સુધી,
સંભારણા મૂકી ક્યાં ચાલ્યાં ગયાં પપ્પા..?
સી - ધા સરળ ને સોમ્ય સ્વભાવથી,
લોકોનાં દિલ જીતી ક્યાં ચાલ્યાં પપ્પા..?
ભા - વના હૈયે હતી, 'બાલ ગુંજન ' આપના કર કમલોમાં મૂકું..!
વસવસો કાયમ માટે દર્દ બની રહ્યો પપ્પા.
ઈ - શ્વરને જે ગમ્યું તે ખરું,સનાતન સત્ય સ્વીકારવું રહ્યું.!
એકાંતમાં હું રડી લઈશ પપ્પા.
યુ - આર ધ ગ્રેટ પપ્પા, નીડર બાહોશ,પ્રમાણિકતાની મૂરત,
જીવન તમે જીવી જાણ્યાં પપ્પા..!
દી - પક રાજ,જેવા પુત્ર રત્નોને રડાવી,
પત્નીને મજધારે છોડી ક્યાં ચાલ્યાં પપ્પા..?
વે - રવિખેર નહીં થવાં દઈએ ઘરનાં માળાને,
તમારા સિંચેલ સંસ્કારોથી ઓ પપ્પા..!
ચા - લ્યાં ગયાં અનંત યાત્રાએ મહેંક મૂકીને..!
આપના દર્શન પણ દુર્લભ, મારા વ્હાલા પપ્પા..!
Love u miss u pa.. ,?

હેમલતા દિવેચા.જૂનાગઢ.

---

NOG સાહિત્ય સરિતા
**NOG SS NO. : 0032**
વિષય : માતા પિતા અને સંતાનો
પ્રકાર : અછાંદસ કવિતા.
શીર્ષકઃ માવડી

મમતાની મૂરત, ‌ારી માવડી.
હેતે હંકારે, જીવનની નાવડી.
રોતાને હસાવે, મારી માવડી
કાલા વાલા કરે,મારી વ્હાલુડી.
મૈયા મૈયા પુકારું,મારી માવડી
બેટા બેટા કરે,મારી જીવલડી.
હૈયે ધરપત ના હોય,મારી માવડી.
હેતે કોળિયો ભરાવે ,મારી માવડી.
ખમ્મા ખમ્મા કરે,મારી માવડી.
હેતથી હંકારે,જીવનની નાવડી.

મીના માંગરોલીયા મીનુ, અમદાવાદ

---

**NOG SS No - 0011**
સાહિત્ય સરિતા
વિષય- માતા, પિતા,સંતાન
પ્રકારઃ- મૌલિક રચના - પદ્ય
શીર્ષકઃ મારાં ગુરુને શત શત વંદન...

નવ નવ માસ કુખમાં રાખીને કષ્ટ વેઠ્યાં,
એ જન્મ દેનારી મા છે મારાં પહેલાં ગુરૂ.... મારાં પહેલાં ગુરૂ....
જીવનપથ પર કાંટાને બદલ્યાં પુષ્પોમાં,
એ પોષણ કરનારાં પિતા છે મારાં બીજાં ગુરુ... મારાં બીજાં ગુરૂ....
અંધકાર છવાઈ જાય જ્યારે જીવનમાં,
જ્ઞાનનું તેજ ફેલાવનાર આચાર્ય છે મારાં ત્રીજાં ગુરૂ... મારાં ત્રીજાં ગુરૂ....
જીવનનું સાચું જ્ઞાન ઈશ તણું આપનાર,
ભક્તિની શક્તિ બતાવનાર સદગુરુ છે મારાં ચોથા ગુરૂ... મારા...
જગની આફતની ભઠ્ઠીમાં શેકાઈ ચમક્યો,
જિંદગીમાં હીર બતાવનાર સમય છે મારાં પાંચમા ગુરૂ.. મારાં પાંચમા...
આ પંચમ ગુરૂ હોય જો મારા જીવનમાં પ્રભુ,
ખુદને ખુદામાં બદલાવી દે, પળમાં એ ગુરૂને મારાં શત શત વંદન.. મારા શત શત વંદન...

મનોજકુમાર પંચાલ 'મન', પાલનપુર

---

**NOG SS NO. -0034**
વિભાગ : પદ્ય
વિષય : માતા, પિતા
શીર્ષક : સ્નેહાગ્નિ

પામવાને સ્નેહ એ જનની દિન-રાત તરસતી,
ક્યારેક તો આવશે નિજ સંતાનો વાટ નિરખતી,
નેહ નીતરતાં નયનોથી સદા અશ્રુઓ એ સારતી,
છોડીને જાય છે બાલુડાં ત્યારે એકલી ઝૂરતી!
પાંખ ફૂટે ને ત્યજે નીડ સંતાનો, એ ક્રમ છે કુદરતી!
સત્યની છબિ એ જાણતી છતાંય નથી સ્વીકારતી,
સ્વપ્નો પોતાનાં ત્યજી માવડી, કોડથી સ્નેહ પૂરતી,
સંતાનોની પ્રગતિમાં જ હવે તેની દુનિયા વિસ્તરતી!
આજ સંતાનોને બંગલા-મોટર ને ચાકરોની ફોજ અતિ,
ને માવડી, એકલી અટૂલી ઝૂંપડીએ સ્નેહાગ્નિમાં ઝૂરતી,
ન માંગે વધુ એ તો, નિજ બાલુડાનાં સ્નેહને તરસતી,
મૂડી કરતાં છે વ્યાજ વ્હાલું, એને નીરખવાં એ તડપતી!
તેથી જ કહે છે,
ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહીં,
નેહ નીતરતાં એ કાળજાંને કદી કોતરશો નહીં!!

ડો. રેખા શાહ કચોરીયા

---

### જેલના સળિયા પાછળ ધકેલાયો

# અરવલ્લી રોયલ્ટી ઈન્સ્પેકટરને જાન થી મારી નાખવાની ધમકી આપવી રાજસ્થાનના ખનીજ માફિયાને ભારે પાડી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધવલ સતપુતે અને તેમની ટીમે મોડાસા શહેરની દેવરાજ ચોકડી નજીકથી ઓવરલોડ રેતી ભરી પસાર થતા ટ્રકને ઝડપી લઇ ટ્રકના વજન કરાવવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે રાજસ્થાનનો ખનીજ માફિયા અને ટ્રક માલિક ભાવેશ રમણલાલ કલાલ ફોર્ચ્યુનર ગાડી લઇ ઘટનાસ્થળે પહોંચી ટ્રક છોડી દેવા માથાકૂટ કરી રોયલ્ટી ઈન્સ્પેક્ટર સાથે ગેરવર્તણુક અને ધક્કામુકી કરી અટકાવાયેલ ખનીજ ભરેલ ટ્રક ખાણ ખનીજ ટીમને અડફેટે લઈ ભગાડી જવાઈ હતી.અને મેઘરજ-ઉન્ડવા માર્ગે પોતાની ફોર્ચ્યુનર ગાડી લઈ ઉભેલા આરોપીએ સરકારી ગાડી ને લાત મારી રોયલ્ટી ઈન્સ્પેક્ટર ને અમદાવાદ જતાં રસ્તા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ખનીજ માફિયાની ધમકીથી ફફડી ઉઠેલ રોયલ્ટી ઈન્સ્પેક્ટરે સમગ્ર ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ખનીજ માફિયા અને ટ્રક ચાલક વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી મોડાસા ટાઉન પોલીસે શખ્શો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી ટાઉન પોલીસે બાતમીના આધારે રાજસ્થાનના ખનીજ માફિયા ભાવેશ રમણલાલ કલાલને મોડાસા બાયપાસ પરથી ફોર્ચ્યુનર કાર સાથે દબોચી લીધો હતો અને ટ્રક પણ ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી જીલ્લા રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધવલ સતપુતેને જાનથી મારી નાખવાની ધમકી આપનાર રાજસ્થાન સીમલવાડાના રાસ્તા-પાલનો ખનીજ માફિયા ભાવેશ રમણલાલ કલાલ બિંદાસ્ત અરવલ્લી જિલ્લામાં ફોર્ચ્યુનર ગાડી સાથે ફરતો હોવાનો અને ગેરકાયદેસર ખનીજ ભરેલી ટ્રક જીલ્લાના માર્ગો પરથી બેખોફ બની પસાર કરાવતો હોવાની સાથે ખનિજતંત્ર અને પોલીસને ચેલેન્જ આપી રહ્યો હોવાની ચર્ચા વચ્ચે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ વાઘેલા અને પીએસઆઇ પી.ડી રાઠોડને બાતમી મળી હતી કે ખનીજ માફિયા ભાવેશ કલાલ મોડાસા બાયપાસ પરથી પસાર થવાનો છે તાબડતોડ પોલીસે સર્વોદય નગર વિસ્તારમાં નાકાબંધી કરી ફોર્ચ્યુનર કારમાં આવી રહેલા ખનીજ માફિયા ભાવેશ કલાલ અને ટ્રકને નાકાબંધી કરી ઝડપી લઈ ૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો પોલીસતંત્રની કામગીરીથી ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો



શું હતો સમગ્ર મામલો વાંચો

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રીના આદેશને પગલે ટીમ દ્વારા જાહેર માર્ગે વાહન ચેકીંગ હાથ ધરાયું હતું.મંગળવારની મોડી સાંજે ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર ધવલ સતપુતે સહિત ની ટીમ દ્વારા મોડાસા બાયપાસ માર્ગની દેવરાજ ચોકડી પાસે વાહન ચેકીંગ હાથ ધરાઈ રહયું હતું.તે સમયે માર્ગ પર થી પસાર થઈ રહેલ ટ્રક નં.જીજે.૩૧.ટી ૭૩૫૦ ને અટકાવી તપાસ હાથ ધરાઈ હતી.ચેકીંગ દરમ્યાન રોયલ્ટી ઈન્સ્પેકટર ને રોયલ્ટી પાસમાં દર્શાવેલ ૨૪ મે.ટન સાદી રેતી ને બદલે આ ૧૨ ટાયર ટ્રકમાં અંદાજે ૩૦ મેટ્રિક ટન ઓવરલોડ રેતી હોવાનું જણાતાં આ ફરજ પરના અધિકારીએ ચાલક કમલેશભાઈ પાસે વજનકાંટા પાવતી માંગી હતી. પરંતુ ચાલક પાસે કાંટા પાવતી જ ન હોવાનું જણાઈ આવ્યું હતું.આ ટ્રકને વજન માટે વજનકાંટા ઉપર લઈ જવાનું ફરજ પરના અધિકારી દ્વારા જણાવાતાં સ્થળ ઉપર આવી ચડેલા આ ટ્રકના માલીક ભાવેશભાઈ કલાલ (રહે. સીમલવાડા) એ સરકારી અધિકારી સાથે ગેરવર્તણુંક કરી,બળ પ્રયોગ દ્વારા રોયલ્ટી ઈન્સ્પેકટર ને ટાયર નીચે ખેંચી લાવવાનો પ્રયત્ન કરેલ અને જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. અને પોતાના પ્રયાશમાં નાકામિયાબ રહેલ આ આરોપીઓ સરકારી કામમાં રૂકાવટ કરી તપાસ ટીમ સાથે ધક્કામૂકી કરી વાહન ટ્રક પુરઝડપે ભગાડી ગયા હતા.આમ ફરજ પર ના સરકારી અધિકારી સહિત ટીમ ઉપર હિંચકારો હુમલો કરનાર પરપ્રાંતીય બેફામ બનેલા ભૂમાફીયા ઓ સામે ટાઉન પોલીસ સ્ટેશન માં રોયલ્ટી ઈન્સ્પેકટર ધવલ સતપુત દ્વારા ફરીયાદ નોંધાવાઈ હતી. અને આ ચકચારી હુમલા પ્રકરણે પોલીસે આરોપી ટ્રક માલીક ભાવેશભાઈ કલાલ રહે.સિમલવાડા, જિ.ડુંગરપુર(રાજસ્થાન) અને ટ્રક નં.જીજે.૩૧.ટી.૭૩૫૦ ના ચાલક કમલેશ રહે.સિમલવાડા વિરૂધ્ધ ધ માઈન્સ એન્ડ મીનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેટી અધિનિયમ તેમજ ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભૂમાફીયાઓનું પણ ગ્રુપ નામ અલગ-અલગ

અરવલ્લી જિલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારી-કર્મી ઉપર હીંચકારો હુમલો કરનાર પરપ્રાંતના ભૂમાફીયાએ સોશીયલ મીડીયામાં ભૂમાફીયા ગ્રુપમાં એક વીડીયો વાયરલ કર્યો હોવાનું પણ પોલીસ ફરીયાદમાં જણાવાયું છે.અને આ ભૂમાફીયા એ પોતે સીમલવાડા એરીયાનો ડોન હોવાનું અને અમારી ગાડી કયારે પણ પકડશો તો મજા નહી આવે એમ જણાવ્યું હોવાનો ઉલ્લેખ કરાયો છે.આ વીડીયો ભૂમાફીયાના વોટસએપ ગ્રુપ કે જે અરવલ્લી ના નામે ચાલે છે તેમાં વાયરલ કરાયો હોવાનું ફરીયાદમાં જણાવાયું છે.અને આ વીડીયો આરોપીએ જાતે શેર કર્યો હોવાનું મનાય છે.

મેઘરજ-ઉન્ડવા માર્ગે ભૂમાફીયાની ધમકી : અમદાવાદ જતાં રસ્તા ઉપર ઉડાવી દઈશ

મોડાસાના બાજકોટ ચોકડીએ અટકાવાયેલ ખનીજ ભરેલ ટ્રક ખાણ ખનીજ ટીમને અડફેટે લઈ ભગાડી જવાઈ હતી.અને મેઘરજ-ઉન્ડવા માર્ગે પોતાની ફોર્ચ્યુનર ગાડી લઈ ઉભેલા આરોપી એ સરકારી ગાડી ને લાત મારી રોયલ્ટી ઈન્સ્પેકટર ને અમદાવાદ જતાં રસ્તા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## તંત્રની તડામાર તૈયારીઓ સાથે

# અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ લઈ પ્રેસ કોન્ફરન્સ




અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીઓ ના પ્રચાર શરૂ થયો છે અને સાથે ફોર્મ વિતરણ ની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે . જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો જયારે ૬ તાલુકા પંચાયતની ૧૨૮ બેઠકો અને મોડાસા તથા બાયડ નગરપાલિકાની ચૂંટણી યોજવાની છે. આ અંગે જિલ્લા કલેકટરે પત્રકાર પરિષદ યોજી પત્રકારો ને ચૂંટણી અંગે વહિવટી તંત્રએ કરેલ વ્યવસ્થા અંગે માહિતગાર કર્યા હતા.સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પારદર્શતા જળવાય અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે તંત્રની તાડામાર તૈયારીઓ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજવાની હોઈ વહિવટી તંત્ર દ્વારા તે અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વહિવટી તંત્ર દ્વારા ચૂંટણી અંગે ની વ્યવસ્થા અને આયોજન વિષે પત્રકારોને જાણકારી આપવા માટે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંબાદકર ની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદનું આયોજન કલેકટર કચેરી ખાતે કરવામાં આવ્યુ હતું.જેમાં જિલ્લા કલેકટર ફોર્મ થી લઈ ને ચૂંટણી ના બુથ તેમજ મત ગણતરી અંગેની વ્યવસ્થા અંગે માહિતી આપી હતી .

આ પત્રકાર પરિષદમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા ના પત્રકારો,નિવાસી નાયબ કલેકટર આર. જે વલ્વી તેમજ ચૂંટણી ની કામગીરી સંભાળી રહેલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ઉત્તરાખંડ જલપ્રલયના હત ભાગીઓને મોરારિબાપુ તરફથી સહાય આપવામાં આવી



ઉત્તરાખંડના ચમોલી વિસ્તારમાં આજે ગ્લેશિયર ઓગળવાને કરને તથા ભૂસ્ખલનને કારણે પુરની સ્થિતિ ઉભી થઈ છે. જેમાં અનેક લોકો મૃત્યુ પામ્યા હોય તેવી આશંકા સેવાઈ રહી છે. પૂજ્ય મોરારિબાપુ દ્વારા આ ઘટનામાં માર્યા ગયેલા તમામ હતભાગીઓના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પ હજારની તત્કાલ સહાય મોકલવામાં આવનાર છે. શ્રી ચિત્રકૂટધામ-તલગાજરડા તરફથી શ્રી હનુમાનજીની સાંત્વના રૂપે આ રાશી ઉત્તારાખંડના મુખ્યમંત્રી રાહતનિધિમાં અર્પણ કરવામાં આવશે. હાલમાં ટ્રસ્ટ દ્વારા આ બનાવની વિગતો મેળવવામાં આવી રહી છે. મૃતકોની જે સંખ્યા થશે તે મુજબની સહાયતા રાશી પહોંચાડવામાં આવશે. આ દુઃખદ ઘટનામાં જેમને પોતાનાં પ્રાણ ગુમાવ્યા છે તેમના નિર્વાણ માટે મોરારિબાપુએ પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનો તરફ સંવેદનાઓ પ્રગટ કરી છે.

## કાર્યભાર સંભાળ્યો

# રાજ્ય ચૂંટણી આયોગના ચૂંટણી નિરીક્ષક એસ.જે.જોષીનું જિલ્લામાં આગમન



રાજપીપળા,તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ને રવિવારના રોજ યોજાનારી નર્મદા જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૧ સંદર્ભે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચીફ મેનેજર એસ.જે.જોષીની નર્મદા જિલ્લાના ચૂંટણી નિરીક્ષક તરીકે કરાયેલી નિમણૂંક સંદર્ભે જોષીએ આજે રાજપીપલા ખાતે આવી પહોંચીને તેમનો ચૂંટણી નિરીક્ષક તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. ચૂંટણી નિરીક્ષક એસ.જે.જોષીએ આજે રાજપીપલા ખાતે ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.વ્યાસ તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ સાથે બેઠક યોજીને જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચૂંટણી અધિકારીઓની વિગત, ચૂંટણીલક્ષી તાલીમ વ્યવસ્થા, ચૂંટણી ફરજ પરનો સ્ટાફ, ઈ-વી.એમ. વ્યવસ્થા, ચૂંટણીલક્ષી સામગ્રી, મતદાન મથકોની વિગતો, ચૂંટણી સ્પર્ધાના ઉમેદવારોના ફોર્મ સ્વીકારવાની તેમજ ઉમેદવારોની ફાઈનલ યાદી તૈયાર કરવા અંગેની કામગીરી તથા પોલીસ બંદોબસ્ત સહિત કાયદો અને વ્યવસ્થા જાળવણીની બાબતો અંગે જરૂરી વિચાર-વિમર્શ કરી આંકડાકીય વિગતો મેળવી હતી.

તસવીરઃ જયોતિ જગતાપ,રાજપીપળા

## નેટની સ્પીડ નહીં તો વોટ નહીં

# ભિલોડાના કુંડોલ પાલ ગામે ઈન્ટરનેટની સ્પીડના અભાવે ઓનલાઈન અભ્યાસથી વિદ્યાર્થીઓ વંચીત



અરવલ્લી બ્યુરો મોડાસા

ડિજિટલ ઈન્ડિયાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્ક માટે લોકોએ આંદોલન કરવા પડી રહ્યા છે ડિજિટલ ઈન્ડિયા મુખ્યત્વે શહેરી અને મોટા ગ્રામ્ય વિસ્તારો સુધી સીમિત રહ્યું હોય તેમ ગુજરાતના અનેક અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક માટે ૫ કિલોમીટર સુધી જવું પડે છે કે પછી ડુંગર અને ઝાડ પર ચઢી નેટવર્ક શોધવું પડી રહ્યું છે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો માટે ડિજિટલ ઈન્ડિયાની વાતો બૂમરેંગ સાબીત થઈ રહી છે કોરોના સંક્રમણમાં નેટની સ્પીડ નહીં મળતા વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચીત રહ્યા છે તેમજ પોસ્ટ, રેશનિંગની દુકાન અને પંચાયતમાં પણ ઓનલાઈન કામગીરી થતી હોવાથી સ્પીડ ન મળતા કૂંડોલ-પાલ ગામ સહીત આજુબાજુના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતા આ અંગે વહીવટી તંત્ર,બીએસએનલ અને રાજકીય અગ્રણીઓને વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતાં સ્થાનિકોએ ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે

રવિવારે કૂંડોલ-પાલ ગામે સ્થાનીક અગ્રણીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ટરનેટની સ્પીડ ન મળતા ધો.૧ થી ૧૨ અને કોલેજ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસ થી વંચીત રહેવું પડ્યું હતું આ વિસ્તારમાં ઈન્ટરનેટ સ્પીડ ન હોવાથી પોસ્ટ,રેશનિંગ દુકાન, ગ્રામ પંચાયત સહીત ઓનલાઈન સુવિધાથી વંચિત રહેવું પડે છે છેલ્લા ત્રણ વર્ષથી ગામલોકોએ ઈન્ટરનેટની સ્પીડ માટે જીલ્લા કલેક્ટર,બીએસએનએલ વિભાગ અને મામલતદારમાં વારંવાર રજુઆત કરવા છતાં ઈન્ટરનેટ ડચકા ખાતું હોવાથી આ અંગે સામુહિક ચૂંટણી બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે સ્થાનિકોના જણાવ્યા અનુસાર ૧૦ દિવસમાં ઈન્ટરનેટની સ્પીડ નહી વધે તો ૨૮ ફેબ્રુઆરીએ યોજાનાર સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓથી અળગા રહેવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે

કૂંડોલ-પાલ ગામલોકોના જણાવ્યા અનુસાર ભાજપ સરકાર સૌનો સાથ સૌનો વિકાસના બણગાં ફૂંકી રહી છે ત્યારે અંતરિયાળ વિસ્તારોમાં વિકાસનો સાથ ભાજપ સરકાર ભૂલી ગઈ હોય તેવું લાગી રહ્યું છે

# બાંટવા પોલીસે વેકરી ગામેથી જુગાર રમતા પાંચ પતાપ્રેમ ને ઝડપ્યા

નાયબ પોલીસ મહાનીરીક્ષક મનીદર પ્રતાપસિંહ પવાર જુનાગઢ રેન્જ તથા પોલીસ અધિક્ષક રવિતેજા વાસમશેટી ના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે. બી. ગઢવી ની સુચના મુજબ જીલ્લા માં ચાલતી ગેરકાયદેસર પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા કડક હાથેકામ લેવાની સુચના કરતા બાંટવા પોલીસ સ્ટેશન ના નવનિયુક્ત મહિલા પીએસઆઈ પી.એસ.ઝાલા એ પોલીસ સ્ટેશન ના કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપતા.બાંટવા પોલીસ સ્ટેશનના નવ નિયુક્ત મહિલા પીએસઆઈ પી.એસ.ઝાલા અને એ.એસ. આઈ.એમ. આર. ડવ અને પો. હે કોન્સ માલદેભાઈ પીઠાભાઈ, પો.કોન્સ.કિરીટભાઈ મંગાભાઈ રાઠોડ. પો.કોન્સ.રાજેશભાઈ બંધીયા, પો.કોન્સ. અશ્ર્વિનભાઈ ડાંગર, પો.કોન્સ.ખીમાભાઈ કોડીયાતર સહિતના માણસોની ટીમ દ્વારા બાંટવા એ બીટ વિસ્તારના વેકરી ગામેથી જાહેરમાં ગંજીપતાના પાના વડે રોન પોલીસ નો જુગાર રમતા જીવાભાઈ દેવાયતભાઈ ગર, રસીકભાઈ છગનભાઈ વધેડીયા, હરેશભાઈ રામભાઈ કંડોરીયા, ભાયાભાઈ રાણાભાઈ કંડોરીયા, નારણભાઈ મુળુભાઈ ભાટુ ને રોકડ રૂ.૧૯,૬૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને તેમની સામે જુગાર ધારા કલમ બાર મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

# મતદારયાદીમાં યુનિક મોબાઇલ નંબર ધરાવતા નવા નોંધાયેલા મતદારો ઇ-એપિક કાર્ડ ડાઉનલોડ કરી શકશે

રાજપીપલા, તા.૧૦

ઈન્ચાર્જ નર્મદા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર જિલ્લાના યુનિક મોબાઈલ નંબર ધરાવતા નવા મતદારો તેમના ઈ -ઈપીઆઈસી કાર્ડ ડાઉનલોડ કરી શકે છે.અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૨૫/ ૦૧/ ૨૦૨૧ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિત્તે ભારતીય ચૂંટણી પંચ દ્વારા ઈ -ઈપીઆઈસી લોન્ચ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ભારતીય ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૧ (એસએસઆર ૨૦૨૧) દરમિયાન યાદીમાં યુનિક મોબાઈલ નંબર ધરાવતા નવા નોંધાયેલા મતદારો ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે.આ ઈલેક્ટ્રોનિક ચૂંટણી કાર્ડને ડાઉનલોડ કરવા માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકાશે.

જિલ્લાના મતદારોને ચૂંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરાવાયેલ આ સુવિધાનો મહત્તમ લાભ લેવા ઈન્ચાર્જ જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.વ્યાસ તરફથી જાહેર અપીલ કરવામાં આવી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

## લઘુમતી સમાજના ૫૦૦ યુવાઓ AIMIM જોડાયા

# મોડાસાઃ નગરપાલિકાના સંગ્રામ પહેલા પતંગે પંજાને ઈજા પહોંચાડી,કોંગ્રેસને ફટકો



અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે ઉમેદવારોમાંની પસંદગી માટે રાજકીય પક્ષ મનોમંથન કરી રહ્યા છે જીલ્લા પંચાયત,તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ પણ થઇ ગયું છે ત્યારે ઉમેદવારોની પસંદગીને લઈને કોંગ્રેસમાં ભારે ભડકો થઇ રહ્યો છે મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે હજુ કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા નથી તે પહેલા જ કોંગ્રેસમાં ટીકીટની દાવેદારી કરનાર બે યુવા કાર્યકરો તેમના ૫૦૦ જેટલા યુવા સમર્થકો સાથે કોંગ્રેસનો સાથ છોડી AIMIM માં "બહોત દિયા કોંગ્રેસ કા હાથ આઓ અબ ચલે મીમ કે સાથ" ના નારા વાજતે-ગાજતે જોડાઈ જતા ગાત્રો થીજાવતી ઠંડીમાં પણ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે મોડાસા શહેરમાં કોંગ્રેસ માટે એક સાધો અને તેર તુટે તેવા હાલત જોવા મળી છે

મોડાસા નગરપાલિકાની ચૂંટણી માટે કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પહેલા જ કોંગ્રેસમાં ભડકો થયો હતો લઘુમતી વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં વ્હાલા દવાલાની અને પાર્ટી ફંડના નામે ઉઘરાણું કરી રહી હોવાની અને પાર્ટી ફંડ આપે તેમને ટીકીટ આપવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે કોંગ્રેસમાંથી નગરપાલિકાની ચૂંટણી લડવા માંગતા બે યુવા કોંગ્રેસી કાર્યકરોને પાર્ટી ટીકીટ નહીં આપેનો અણસાર આવી જતા સોમવારે રાત્રે સમાજસેવી શીક્ષક એવા બુરહાન ચગન અને શોએબ જેથરા (લાલભાઈ વાયરમેન) તેમના ૫૦૦ થી વધુ યુવા કાર્યકરો સાથે વાજતે ગાજતે AIMIM માં જોડાઈ ગયા હતા મખદુમ ચોકડી પર જશ્ન જેવો માહોલ જામ્યો હતો AIMIM જોડાયેલ બંને યુવા કાર્યકર્તાઓ વોર્ડ.નં-૮ માંથી ચૂંટણી જંગમાં જંપલાવશે મોટી સંખ્યામાં કોંગ્રેસ સમર્પિત મતબેંકના યુવાનોએ કોંગ્રેસનો સાથ છોડતા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઓવૈસીની પાર્ટીએ ભારે ભંગાણ સર્જાતા નેતાઓ દોડતા થઇ ગયા છે મોડાસા શહેરના યુવાનોમાં સોમવારે રાત્રે AIMIMના કાર્યાલય પર પાર્ટીના સભ્ય બનવા માટે રીતસર પડાપડી કરી હતી

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં AIMIM પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી જાય તો નવાઈ નહિ....!! મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને AIMIMIની એન્ટ્રી ભાજપ કોંગ્રેસનું સત્તા હાંસલ કરવાનું ગણીત પર ભારે પડી શકે છે ઓવૈસીની પાર્ટીના આગમનથી કોંગ્રેસને નગરપાલિકમાં મોટો ફટકો પડી શકે છે નું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે

## જીલ્લા પોલીસતંત્રમાં દોડધામ

# અરવલ્લીમાં સ્ટેટ મોનેટરીંગ દરોડા પછી રેન્જ આઈજી અભય ચુડાસમાએ કેસની તપાસ હિંમતનગર એલસીબીને સોંપી



અરવલ્લી બ્યુરો મોડાસા

રેન્જ આઈજી અભય ચુડાસમા અને એસપી સંજય ખરાતના આગમન પછી અરવલ્લી પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા દારૂની લાઈન ચલાવતા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતા જ બુટલેગરો સક્રીય થઈ વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે ત્યારે રાજસ્થાન ઉદેપુરના નામચીન બુટલેગર ભરત લંગડો અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રની આંખ નીચે લાઈન ચાલુ કરી મોડાસા-ધનસુરા રોડ પર આવેલ શીકા ચોકડી પર મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ભરેલ વાહનો રોહીત નામના બુટલેગરને પહોંચાડતો હતો સ્ટેટ મોનેટરીંગ સેલને બાતમી મળતા જિલ્લાના રેલ્લાવાડા નજીક બાતમીના આધારે વોચ ગોઠવી જીવના જોખમે દારૂ ભરેલી બે કાર સાથે ખેપિયાને દબોચી લેતા જીલ્લા પોલીસતંત્ર ઉંધા માથે પછડાયું હતું ઘટનાની ગંભીરતા સમજી રેન્જ આઈજી સમગ્ર કેસની તપાસ તટસ્થ પણે થાય તે માટે હિંમતનગર એલસીબીને તપાસ સોંપતા એલસીબી પોલીસે ઝીણવટ ભરી તપાસ હાથધરી છે .રેન્જ આઈજી અભય ચુડાસમાએ સ્ટેટે મોનેટરીંગ સેલ ઈસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રેલ્લાવાડા નજીક માળકંપા પાસેથી દારૂની લાઈનનો પર્દાફાશ કરતા રેન્જ આઈજી સમસમી ઉઠ્યા હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી અને સમગ્ર કેસની તપાસ હિંમતનગર એલસીબીને સુપ્રત કરતા હિંમતનગર એલસીબી પીઆઈ એમ.ડી.ચંપાવતે દરોડા પછી સ્ટેટે મોનેટરીંગ સેલના હાથે ઝડપાયેલ કાર ડ્રાયવર ખેપીયા મનીષ ઉર્ફે મંગલા જીવાજી ધોગરાની સઘન પૂછપરછ હાથધરી હતી આરોપીના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી

હિંમતનગર એલસીબી પીઆઈ એમ.ડી.ચંપાવતનો ટેલિફોનિક સંપર્ક કરતા તેમને આરોપીના રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજુ કરવા તજવીજ હાથધરી હોવાનું જણાવ્યું હતું .દોઢ મહિનામાં ૨૨ વખત દારૂ ભરેલા વાહનો શીકા પહોંચાડયાની બુટલેગરની કબૂલાત

રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ભરેલ વાહનો ઈસરી પોલીસ સ્ટેશનના હદ વિસ્તાર ની બોર્ડર માંથી રાજયમાં ઘુસાડવામાં આવનાર હોવાની બાતમી આ ટીમ ઈન્સ્પેપકટર ને મળી હતી. આ ટીમ નડીયાદ થી સીધી રેલ્લાવાડા ધસી આવી હતી અને બાતમી મુજબ ના સ્થળે વૉચ ગોઠવી દીધી હતી. દરમ્યાન રાજસ્થાન માંથી વિદેશી દારૂ ની ૨૭૪૩ ભરેલ વાહનો રાજયમાં ઘૂસ્યા હતા અને બે વાહનો ઝડપી પડાયા હતા.જયારે એક વાહન લઈ બુટલેગરો ભાગી છુટયા હતા. એક આરોપી મનીષ ઉર્ફે મંગલા ઝડપી પડાયો હોત. આ ઝડપાયેલ આરોપીએ આ દારૂનો જથ્થો કયા અડ્ડાવાળા પાસે થી ? કોણા દ્વારા ભરાયો ? તે સઘળી વિગતો પોલીસને જણાવી હતી. પરંતુ આ દારૂ નો મસમોટો જથ્થો જિલ્લાના ધનસુરા તાલુકાના શીકા ચોકડી એ પહોંચાડવાનો હોવાનું જણાવતાં જ સનસનાટી ફેલાઈ હતી. વળી આ ઝડપાયેલ બુટલેગરે છેલ્લા દોઢ માસ દરમ્યાન જુદાજુદા વાહનમાં ૨૦ થી ૨૨ વખત મસમોટો દારૂનો જથ્થો શીકા ચોકડી એ રોહિત નામના બુટલેગર ને પહોંચાડયો હોવાનું જણાવતાં જ જિલ્લા પોલીસની કામગીરી સામે જ સવાલો ઉઠયા હતા. આ રોહિત કોણ છે ? તેના ગોડફાધર કોણ છે ? અને શીકા ચોકડી એ થી આ વિદેશી દારૂનો મોટો જથ્થો કયાં ? કોણા કહેવા થી લઈ જવાતો હતો ? તેવા તમામ સવાલો સામે ઊંડી તટસ્થ તપાસ કરાય તે જરૂરી બન્યું હતું.

## વિદ્યાર્થીઓને શાળામાં બોલાવવા પ્રતિબંધ

# હવે પ્રાથમીક શાળાઓ આખો દિવસ ખુલ્લી રહેશે...આજથી શિક્ષકોની ૧૦૦% હાજરી જરૂરી

.અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના સંક્રમણને પગલે રાજયમાં ૨૩ માર્ચ-૨૦૨૦ થી શૈક્ષણીક કાર્ય બંધ રાખવાની ફરજ પડતા શાળાઓને તાળા લગાવી દેવામાં આવ્યા હતા વિદ્યાર્થીઓ ઘરેથી ઓનલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે શાળાઓનો સમય પણ સવારનો કરવામાં આવ્યો હતો શિક્ષકો પણ રોટેશન પદ્ધતિ મુજબ શાળામાં ફરજ બજાવતા હતા રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટતા રાજ્ય સરકારે ધો.૯ થી ૧૨ સુધી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરાયું છે પરંતુ પ્રાથમીક શાળાઓમાં પ્રત્યક્ષ અભ્યાસ ક્યારે શરૂ થશે તે અંગે રાજ્ય સરકારે કોઈ નિર્ણય લીધો નથી પરંતુ રાજ્ય પ્રાથમીક શીક્ષણ નિયામકે તમામ જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી ને પરીપત્ર કરી મંગળવાર થી પ્રાથમીક શાળાઓનો સમયમાં ફેરફાર કરી પૂર્ણ સમયની કરવા અને શાળામાં તમામ શિક્ષકોની હાજરી ફરજીયાત કરવાનો પરિપત્ર કરવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓને કોઈ પણ સંજોગોમાં શાળામાં બોલાવવામાં નથી અને તે અંગે ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરી છે

કોરોના સંક્રમણનને અટકાવવા લાગુ કરાયેલ લોકડાઉન સમયથી રાજયની પ્રાથમીક શાળાઓમાં પ્રત્યક્ષ શીક્ષણ બંધ છે પ્રાથમીક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને હોમ લર્નીંગની સૂચના મુજબ શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે કોરોનાનું સંક્રમણ નિયંત્રણ હેઠળ આવતા સરકારે પ્રાથમિક શાળાઓના સમય અને શિક્ષકોની હાજરી અંગે નવો પરિપત્ર કર્યો છે પ્રાથમીક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ નવા સત્રથી શરૂ થઇ શકે છે ની માહીતી શીક્ષણવિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ રહી છે

ગુજરાત રાજ્ય પ્રાથમીક શિક્ષણ નિયામકે શનિવારે જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીઓને પરીપત્ર કરી મંગળવારથી તમામ પ્રાથમીક શાળાઓનો સમય સવારને બદલે પૂર્ણ સમયનો કરવાનો રહેશે અને પ્રાથમીક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમીક શિક્ષકો અને મુખ્ય શિક્ષકો ની હાજરી ૧૦૦ % રાખવાની રહેશે તેમજ શિક્ષકોએ એક્રિડિએશન,શેરી શીક્ષણ મૂલ્યાંકન,એકમ કસોટી ચકાસણી અને ડેટા એન્ટ્રી જેવી કામગીરી કરવાની રહેશે પરિપત્રમાં વિદ્યાર્થીઓને કોઈ પણ સંજોગોમાં શાળાઓ પર બોલાવવા પર ચુસ્ત પ્રતિબંધ લાદી દીધો છે

રાજ્ય પ્રાથમીક શીક્ષણ વિભાગ દ્વારા કરાયેલ પરિપત્રના પગલે શિક્ષકોમાં ભારે ગણગણાટ શરૂ થયો છે કે શાળામાં વિદ્યાર્થીઓ બોલાવવાના નથી તો પછી શાળાઓ પૂર્ણ સમય કરવાનો તર્ક સમજતો નથી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.